અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ ઓક્ટોબર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૭ | અંક : ૧૧૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**રશિયા અને ભારતના સંબંધો વધુ મજબૂત થશે : મોદી** | વડાપ્રધાન મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી અને દ્વિપક્ષીય બેઠક યોજી હતીથયો હતો

# વડાપ્રધાન મોદીએ કઝાનમાં પુતિન સાથે મુલાકાત કરી




। (એજન્સી) કઝાન, તા.૨૨ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૬મી બ્રિક્સ શિખર સમ્મેલન દરમિયાન કઝાનમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી અને દ્વિપક્ષીય બેઠક યોજી હતી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની મુલાકાત દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, "હું તમારી મિત્રતા, ઉષ્માભર્યું સ્વાગત અને આતિથ્ય માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. બ્રિક્સ શિખર સમ્મેલન માટે કઝાન જેવા સુંદર શહેરમાં આવવાની તક મળી તે મારા માટે ખૂબ જ આનંદની વાત છે. આ શહેર સાથે ભારતના ઊંડા અને ઐતિહાસિક સંબંધો છે. કઝાનમાં ભારતના નવા દૂતાવાસ શરૂ થવાથી આ સંબંધો વધુ મજબૂત થશે.

પ્રધાનમંત્રી મોદી કહ્યું, "હું છેલ્લા કેટલાક મહિનામાં બીજી વખત રશિયા આવ્યો છું. હું આ વર્ષે જુલાઈમાં મોસ્કોમાં રાષ્ટ્રપતિ પુતિનને મળ્યો હતો. આ બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધોને દર્શાવે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને લઈને હું સતત રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સંપર્કમાં છું. ભારત માને છે કે સંઘર્ષનો ઉકેલ શાંતિપૂર્ણ હોવો જોઈએ. અમે માનવ જાતિને ધ્યાનમાં રાખીને શાંતિ અને સ્થિરતાનું સર્મથન કરીએ છીએ." અમારા તમામ પ્રયાસ માનવતાને પ્રાધાન્ય આપવાનું છે. આવનારા સમયમાં તેના માટે ભારત દરેક સંભવ સહયોગ આપવા માટે તૈયાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથેની દ્વિપક્ષીય બેઠક બાદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું, "મને યાદ છે કે અમે જુલાઈમાં મળ્યા હતા. ત્યારે ઘણા મુદ્દાઓ પર ખૂબ સારી ચર્ચા થઈ હતી. આજે પણ અમે ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી. અમે ઘણી વખત ફોન પર વાત કરી. હું ખૂબ જ ખુશ છું. આ માટે તમારો આભારી છું."

## ભારત કોઈપણ સંબંધોને હળવાશથી નથી લેતું : પીએમ નરેન્દ્ર મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

કેનડા સાથેના રાજદ્વારી સંબંધોમાં સતત વધી રહેલા તણાવ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક માર્મિક નિવેદન કરતાં જણાવ્યું હતું કે, ભારત કોઈ પણ સંબંધોને હળવાશથી નથી લેતું. દેશના સંબંધોનો પાયો વિશ્વાસ અને વિશ્વસનીયતા પર રચાયેલો હોય છે અને વિશ્વને પણ આ બાબત સમજાઈ રહી છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે બ્રિક્સ દેશોની બેઠકમાં ભાગ લેવા રશિયા જવા ઉપડશે. એક કાર્યક્રમમાં કેનેડાનો ઉલ્લેખ કર્યા વગર વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ભારત એ એક એવો દેશ છે.

**ચીન પર વિશ્વાસ કરવામાં હજુ સમય લાગશે : ભારતીય સેના પ્રમુખ**

# LAC પર સમાધાનની વાત ઉપર ચીને લગાવી મહોર

## ચીને કહ્યું કે, તે પૂર્વી લદ્દાખમાં બે સેનાઓ વચ્ચે ઘણા સમયથી ચાલી રહેલાં સંઘર્ષને ખતમ કરવા માટે ભારત સાથે એક સમાધાન પર પહોંચ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ભારત અને ચીન વચ્ચે ૨૦૨૦થી ચાલી રહેલાં વિવાદને ખતમ કરવા માટે સોમવારે (૨૧ ઓક્ટોબર) બંને દેશ વચ્ચે સંમતિ બની ગઈ છે. ભારતના એલાન બાદ મંગળવારે ચીને આ સમાધાનની વાત પર મહોર લગાવી છે. ચીને કહ્યું કે, તે પૂર્વી લદાખમાં બે સેનાઓ વચ્ચે ચાલી રહેલાં સંઘર્ષને ખતમ કરવા માટે ભારત સાથે એક સમાધાન પર પહોંચ્યું છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને એક મીડિયા બ્રીફિંગમાં કહ્યું, હાલ ચીન અને ભારત, સીમા સાથે સંબંધિત મુદ્દા પર વ્યૂહનીતિ માધ્યમથી સંપર્કમાં છીએ. હવે બંને પક્ષ પ્રાસંગિક મામલે એક સમાધાન પર પહોંચી ગયા છે, જેની ચીન પ્રશંસા કરે છે.

ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ મંગળવારે સીમા પર પેટ્રોલિંગ કરાર બાદ કહ્યું કે, ચીન પર વિશ્વાસ કરવામાં હજુ સમય લાગશે. વાસ્તવિક નિયંત્રિણ રેખા પર



વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો એક લાંબી પ્રક્રિયા હશે, જેનાથી એપ્રિલ ૨૦૨૦ની સ્થિતિ પર પહોંચી શકાય. આ પ્રક્રિયા તબક્કાવાર થશે. જેમાં દરેક તબક્કાનો ઉદ્દેશ્ય તણાવ ઓછો કરવો હશે.' LAC પર બનાવવામાં આવેલા બફર ઝોનનો ઉલ્લેખ કરતાં જનરલ દ્વિવેદીએ આ વાત પર ભાર મૂક્યો કે, આપસી સમજ દ્વારા બંને દેશો વચ્ચે વિશ્વાસ ફરીથી કાયમ કરી શકાશે. અમે વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ કેવી રીતે થશે? વિશ્વાસ ત્યારે જ પુનઃસ્થાપિત થઈ શકશે જ્યારે એક-બીજાને મનાવી શકીશું અને એક-બીજાને વિશ્વાસ અપાવવો પડશે કે, અમે બનાવવામાં આવેલા બફર ઝોનમાં ઘુસણખોરી નથી કરી રહ્યાં. આ પહેલાં વિદેશ મંત્રાલયે સોમવારે (૨૧ ઓક્ટોબર) જાહેરાત કરી હતી કે, ભારત-ચીન સીમા ક્ષેત્રમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર પેટ્રોલિંગ વ્યવસ્થાના સંબંધમાં એક કરાર કરવામાં આવ્યો છે. આ જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રશિયાના કઝાન યાત્રા પહેલાં કરવામાં આવી છે. વડાપ્રધાન મોદી ૨૨ ઓક્ટોબરથી ૨૪ ઓક્ટોબર સુધી યોજાયેલા બ્રિક્સ શિખર સંમેલનમાં જઈ રહ્યાં છે, જેનો ચીન પણ ભાગ છે.

નોંધનીય છે કે, જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલી અથડામણ બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી હતી. સોમવારે ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ મીડિયાને સંબોધિત કરતા કહ્યું કે, આ કરાર છેલ્લાં ઘણાં અઠવાડિયાથી રાજકીય અને સૈન્ય બંને સ્તર પર ચીન સાથે વ્યાપક ચર્ચાનું પરિણામ છે.



### લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ એ કાયદો અને તેના ઉદ્દેશ્યોને સંપૂર્ણ કરવાની એક અનોખી કલા છે

# ગુજરાત વિધાનસભા ખાતે "લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ તાલીમ કાર્યક્રમ"નો સમાપન સમારોહ યોજાયો






। અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત વિધાનસભા ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને "લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ તાલીમ કાર્યક્રમ"નો સમાપન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહ દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગુજરાત સરકારની પહેલની સરાહના કરતા કહ્યું હતું કે, લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ એ એક અગત્યની અને મહત્વપૂર્ણ કલા છે. ગુજરાત વિધાનસભા દ્વારા દેશમાં પ્રથમવાર લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ અંગેની તાલીમનું આયોજન કરવાનો નિર્ણય ખરેખર સરાહનીય છે. લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગની કલા એ કોઈપણ કાયદાને ઘડવા માટેનો સૌથી પ્રારંભિક અને મહત્વપૂર્ણ ભાગ છે. ક્ષતિગ્રસ્ત લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગના પરિણામે અનેક જટીલ સમસ્યાઓ ઉદભવે છે અને ન્યાયતંત્રનો હસ્તક્ષેપ વધે છે.

લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ એ કાયદો અને તેના ઉદ્દેશ્યોને સંપૂર્ણ કરવાની એક અનોખી કલા છે, તેમ કહેતા શ્રી શાહે ઉમેર્યું હતું કે, ડૉ. બાબા સાહેબ આંબેડકરના માર્ગદર્શન અને પરિશ્રમથી નિર્માણ થયેલું ભારતનું સંવિધાન લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. અનેક મહત્વપૂર્ણ ચર્ચાઓ, સમિતિની બેઠકો અને સામાન્ય જનતા સાથે ખુલ્લા મને કરેલી ૧૬૦૦ જેટલી ચર્ચાઓ બાદ સંવિધાનનું ડ્રાફ્ટિંગ કરવામાં આવ્યું હતું. એટલું જ નહિ, સંવિધાન બાબતે આશરે ગૃહમાં ૧૬૫ દિવસ સુધી ચર્ચાઓ ચાલી હતી. જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને હંસાબેન મહેતા જેવા અનેક વિદ્વાનોએ ચર્ચામાં ભાગ લઈને જરૂરી સૂચનો પણ કર્યા હતા.

કાયદો બનાવવા કઈ બાબતોનું ધ્યાન રાખવું તે અંગે પોતાના વિચારો રજૂ કરતા શ્રી શાહે ઉમેર્યું હતું કે, કાયદો બનાવતી વખતે તેમાં સ્પષ્ટતા ખૂબ જ જરૂરી છે, ખાસ કરીને કાયદામાં જે ઉદ્દેશ્ય કરવામાં આવી રહ્યો છે, તેની સ્પષ્ટતા અને સરળ ભાષાથી ન્યાયતંત્રનો હસ્તક્ષેપ ઘટે છે. કાયદાની જોગવાઈઓ પણ અમલ કરનારને રક્ષણ આપતી અને ભંગ કરનારને દંડ કરતી હોય તેવી સ્પષ્ટ રાખવી જરૂરી છે. સાથે જ, કાયદો બનાવતી વેળાએ જે તે વિષયના નિષ્ણાત, સંબંધિત અધિકારીઓ અને નાગરિકોના પ્રતિભાવો અને વિચારોને પણ ગંભીરતા પૂર્વક ધ્યાને લેવા જોઈએ, તેવો તેમણે અનુરોધ કર્યો હતો.

ધારાસભ્યોને અનુરોધ કરતા કેન્દ્રીય મંત્રીએ કહ્યુ હતું કે, વિધાનસભા એટલે વિધેયકો પસાર કરીને નાગરિકોના હિત અને રક્ષણ માટે કાયદાની રચના કરવાની સભા. નાગરિકોના પ્રશ્નોને વાચા આપવાનું અને તેમના હિતમાં કાયદો ઘડવો એ જ ધારાસભ્યોનું મુખ્ય કામ છે. એટલા માટે જ, દરેક ધારાસભ્યશ્રીઓએ કાયદાની ભાષા વ્યવસ્થિત રીતે સમજવી જોઈએ, ચર્ચાઓમાં સહભાગી થઈને કાયદામાં રહેતી ક્ષતિઓને દૂર કરવા પોતાના સૂચનો રજૂ કરવા જોઈએ, તેમ તેમણે ઉમેર્યુ હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું હતું કે, ભારતે બહુપક્ષિય સંસદીય લોકશાહી પ્રણાલી અપનાવી છે. જે અંતર્ગત લોકોના વિવિધ પ્રશ્નો અલગ અલગ પક્ષોના ધારાસભ્યશ્રીઓ દ્વારા સરકાર પાસે પહોંચતા હોય છે. ત્યારબાદ સરકાર દ્વારા લોકોના પ્રશ્નો પ્રત્યે સંવેદના રાખી કાયદાઓ ઘડવામાં આવતા હોય છે. દેશમાં અંગ્રેજોના સમયથી ચાલતી આઈ.પી.સી., સી.આર.પી.સી. અને એવિડન્સ એક્ટ હેઠળની કલમોમાં સુધારો કરી ભારતની નવી ન્યાય પ્રણાલીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ નવી ન્યાય પ્રણાલીના સંપૂર્ણ અમલ પછી નાગરિકોને ખૂબ જ ઝડપી ન્યાય મળશે, જે ભારતનું સૌથી મોટું રીફોર્મ પૂરવાર થશે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળનું ભારત આજે વૈશ્વિક આકાંક્ષાઓનું કેન્દ્ર બન્યું છે, જેનું આધાર બિંદુ ગુજરાત છે. ગુજરાત વિધાનસભાનું આ પાવન ગૃહ મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસ માટે કરેલા સંકલ્પ અને ગુજરાતની વણથંભી વિકાસયાત્રાનું સાક્ષી છે. ગુજરાતના ગૃહ મંત્રી અને ધારાસભ્ય તરીકેના ૧૯૯૭ થી ૨૦૧૭ સુધીના ૨૦ વર્ષના કાર્યકાળના સારા-નરસા સંસ્મરણોને યાદ કરતા શ્રી અમિત શાહે કહ્યું હતું કે, આ જ વિધાનસભામાં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતની પ્રજાને ૨૪ કલાક વીજળી પૂરી પાડવાનો સંકલ્પ રજૂ કર્યો અને વર્ષ ૨૦૦૩થી જ્યોતિગ્રામ યોજના અમલમાં મૂકીને ગુજરાતના દરેક નાગરિક સુધી ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી પૂરી પાડનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું હતું.

આટલું જ નહિ, વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાતનું આરોગ્ય મોડલ, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ જેવા અનેક સંકલ્પો તેમના માર્ગદર્શન હેઠળ આ વિધાનસભા ગૃહમાં પરિપૂર્ણ થયા છે. આ ઉપરાંત શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતના અનેક ખોટ કરતા જાહેર સાહસોનું સુદ્રઢ આયોજન કરીને નફો કરતા કર્યા, ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક, ગુજકોપ, જળસંચયનો સંકલ્પ, ગુજરાત ઔદ્યોગિક નીતિ જેવા અનેક નાગરિક હિતલક્ષી નિર્ણયોના પરિણામે જ આજે ગુજરાત દેશના અન્ય રાજ્યો માટે રોલ મોડલ બન્યું છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ગુજરાત લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ તાલીમ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરી આવકારતા કહ્યું કે, આજે કાયદો ઘડવાની તાલીમ કાર્યક્રમના સમાપન પ્રસંગે દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબનું માર્ગદર્શન મળવાનું છે. અંગ્રેજોના સમયમાં કાયદાની ભાષા અઘરી હતી. જે સામાન્ય માણસ માટે સમજવી મુશ્કેલ હતી.

## ટુ વ્હીલચાલક TRB જવાનનું લક્ઝરી બસની ટક્કરથી મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ ટ્રાફિક વિભાગમાં ટીઆરબી તરીકે ફરજ બજાવતો જવાન ટુ વ્હીલર પર નોકરીએ જવા નીકળ્યો અને તે સિવિલ ૧૨૦૦ બેડ હોસ્પિટલ સામેથી પસાર થતો હતો ત્યારે ગાંધીનગર યુનિ.ની લકઝરી બસે ટક્કર મારી હતી. ગંભીર ઈજાના કારણે ટીઆરબી જવાનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. એફ ડિવિઝન ટ્રાફિક પોલીસે લકઝરી બસચાલકની અટકાયત કરી તપાસ શરૂ કરી છે. અસારવામાં રહેતો ૨૬ વર્ષીય સચિન ગણપતભાઈ પટણી ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવતો હતો. સોમવારે સવારે ટુ વ્હીલર લઈને ડ્યૂટી પર જવા નીકળ્યો હતો. સિવિલ ૧૨૦૦ બેડ હોસ્પિટલ સામેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે લક્ઝરી બસે ટક્કર મારી હતી. તેથી સચિન ફંગોળાઈને રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાથી મોત થયું હતું. અકસ્માત બાદ લોકોના ટોળાં ભેગા થઈ જતા બસચાલક ત્યાંથી ભાગી ગયો હતો. એફ ડિવિઝન ટ્રાફિક પોલીસે મૃતદેહને પીએમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે ગુનો નોંધી બસચાલકની અટકાયત કરી છે.નાના ચિલોડા ખાતે રહેતો ૨૦ વર્ષીય સંજય કટારા અસારવામાં એક સાઈટ પર છૂટક મજૂરી કરતો હતો. રવિવારે સવારે અસારવા મિલ કંપાઉન્ડના કોમન પ્લોટમાં તે ખુરશીમાં બેઠો હતો તે સમયે ટ્રેક્ટરચાલકે બેદરકારીપૂર્વક ટ્રેક્ટર રિવર્સમાં ચલાવીને સંજયભાઈ પરથી ટ્રેક્ટર ચલાવી દીધું હતું. તેથી સંજયનું ગંભીર ઈજા થવાથી મોત નિપજ્યું હતું. એફ ડિવિઝન ટ્રાફિક પોલીસે ટ્રેક્ટરચાલક ચંદ્રપાલ નાયે સામે ગુનો નોંધી ધરપકડ કરી છે.

### જમીન સંપાદનના ૫૦ વર્ષ બાદ વળતરના કેસને હાઇકોર્ટ ફગાવી દીધો

# કલેક્ટરને લીગલ નોટિસના આધારે રિટ કરવાનું એડવોકેટનું વલણ અનૈતિક

### રિટમાં કહેવામાં આવ્યું હતું કે, સંબંધિત જમીનનું સંપાદન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું, પરંતુ પૂરતું વળતર અરજદારને મળ્યું નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

૧૯૭૦માં ઉકાઇ ડેમ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન બાદ હવે ૨૦૨૪માં હાઈકોર્ટ સમક્ષ આવીને વળતર ન મળ્યું હોવાનો દાવો કરનારા અરજદારને હાઈકોર્ટે ફટકાર લગાવી હતી. ૫૦ વર્ષ બાદ સંબંધિત કલેક્ટરને લિગલ નોટિસ પાઠવીને એના આધારે હાઈકોર્ટમાં રિટ પિટિશન કરનારા એડવોકેટને ખંડપીઠે એવી વેધક ટકોર કરી હતી કે, આવી રીતે રિટ કરવાની એડવોકેટની પદ્ધતિ અનૈતિક છે. ફરી આવું થશે તો બાર કાઉન્સિલમાં ફરિયાદ કરવામાં આવશે. અમે તમારા માટે કલેક્ટર પાસેથી પુરાવા મગાવી શકીએ નહીં. હાઈકોર્ટ સમક્ષ ૮૫ વર્ષીય વૃદ્ધ તરફથી એક અરજી કરાઈ હતી. જેમાં એવો દાવો કરાયો હતો કે, તેઓ અમુક જમીન ઉકાઇ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા જમીન સંપાદન કરવામાં આવી હતી. તેનું વળતર ૧૯-૨-૧૯૭૦માં ચૂકવાયું હતું. તાપી નદી પર ઉકાઇ ડેમ બનાવવા માટે ૧૨ સર્વે નંબરની જમીન સંપાદિત કરાઇ હતી અને ૧૯૭૨માં આ ડેમ બનાવવામાં આવ્યો હતો. રિટમાં કહેવામાં આવ્યું હતું કે, સંબંધિત જમીનનું સંપાદન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું, પરંતુ પૂરતું વળતર અરજદારને મળ્યું નથી. આ પ્રોજેક્ટના અસરકર્તા તમામ અરજદારોને વૈકલ્પિક જમીન પણ ફાળવવામાં આવી હતી, પરંતુ અરજદાર અને અન્ય ૧૧ જણને વૈકલ્પિક જમીન મળી નહોતી.આ પ્રકારની રજૂઆત સાથેનો દાવો રિટમાં કરવામાં આવ્યો છે. જોકે, આ રિટમાં જે દાવો છે એ વિરોધાભાસી જણાય છે. જો અરજદારનું એ નિવેદન માન્ય પણ રાખવામાં આવે કે, ૧૯૭૦માં જમીન સંપાદન માટેનું વળતર તેને મળ્યું નથી તો પણ તેવા સંજોગોમાં હવે તે આ તબક્કે અરજી કરી શકે નહીં.

### સેટેલાઇટમાં જાહેરમાં જુગારનો અડ્ડો, ૯ જુગારી ઝડપાયા

# અમદાવાદ શહેરમાં જુગારના અડ્ડાનો ધમધમાટ : PCBના ત્રણ સ્થળે દરોડા

### સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ગાડીનો પીછો કરતાં કારચાલક રામદેવનગર ચાર રસ્તા નજીક કાર મૂકીને ભાગી ગયો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ શહેર પોલીસે ૭૫૦ લોકોને પાસામાં ધકેલ્યા છતાં દારૂ-જુગારના અડ્ડા ધમધોકાર ચાલી રહ્યા છે ત્યારે સ્ટેટ મોનિટરિંગ સેલે સેટેલાઈટમાં દરોડો પાડી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. આ ઉપરાંત સેટેલાઈટમાં જાહેરમાં જુગાર રમતા ૯ જુગારીને સરદારનગરમાં જુગારધામ પર PCBએ દરોડો પાડી ૭ જુગારીને તેમજ ચાંદલોડિયા રેલવે બ્રિજ પાસે વારાહી એસ્ટેટમાંથી સાત જુગારીને જુગાર રમતા ઝડપી લીધા હતા. સેટેલાઈટના રાજીવનગરની ખુલ્લી જગ્યામાં કેટલાક તત્ત્વો જાહેરમાં જુગાર રમતા હોવા અંગેની બાતમી અમદાવાદ ક્રાઈમ બ્રાંચને મળી હતી. ક્રાઈમ બ્રાંચે દરોડો પાડીને ૯ જુગારીને ઝડપી લીધા હતા. તેમની પાસેથી પોલીસને રોકડા ૪૧ હજાર સહિત ૧.૭૪ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. કમિશનરના સીધા તાબામાં આવતી PCBના ઈન્સપેક્ટર મહેશ ચૌધરીને બાતમી મળી હતી કે સરદારનગર કુબેરનગર સ્થિત સંતોષીનગરની ચાલીમાં જુગાર રમાઈ રહ્યો છે. સબ ઈન્સ્પેક્ટર ખાંટ અને વનરાજસિંહ ટીમ સાથે સરદારનગર પહોંચ્યા હતા. દરોડો પાડીને ૭ જુગારીને ઝડપી લઈ તેમની પાસેથી રોકડા રૂપિયા અને મુદ્દામાલ મળીને ૧.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.અમદાવાદ શહેરમાં જાહેરમાં જુગાર રમાઈ રહ્યો છે ત્યારે જ PCB ઈન્સ્પેક્ટર મહેશ ચૌધરીને માહિતી મળી હતી કે ચાંદલોડિયા બ્રિજ પાસેના વારાહી એસ્ટેટમાં મારૂતી કોવિંગના પહેલા માળે ઓફિસમાં કેટલાક જુગારી જુગાર રમી રહ્યા છે. PCBના મહાવીરસિંહ તથા ધર્મેન્દ્રસિંહની ટીમે ત્યાં દરોડો પાડીને જુગાર રમાતા ૭ જુગારીને ઝડપી લઈ તેમની પાસેથી રોકડા ૮૪ હજાર સહિત ૧૭૪ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો હતો.

## વડોદરા, જામનગર અને મહારાષ્ટ્રના ત્રણ પરિવારોને ચાર અનાથ બાળકોને દત્તક પૂર્વેના ઉછેર માટે સોંપતા જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારઘી

। (માહિતી) ગાંધીનગર, તા.૨૨ ।



વડોદરા, જામનગર અને મહારાષ્ટ્રના ત્રણ પરિવારોને સ્પેશયલ એડોપ્શન એજન્સી-સુરતના માધ્યમથી સુરતના ચાર અનાથ બાળકોને દત્તક પૂર્વેના ઉછેર માટે જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના હસ્તે સોંપવામાં આવ્યા હતા. દિવાળી પહેલા જ આ ત્રણ પરિવારોમાં દિવાળીની ઉજવણીનો માહોલ સર્જાયો છે. કતારગામ અનાથ બાળાશ્રમ- વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમમાં આશ્રય મેળવી રહેલા ૪ બાળકોમાં બે ૬ અને ૪ વર્ષના સગા ભાઈઓ છે. આ બે બાળબંધુઓને વડોદરાના દંપતિને, એક ૪ વર્ષના બાળકને જામનગરના દંપતિ, અને એક અઢી વર્ષના બાળકને મહારાષ્ટ્ર રાજ્યના કલ્યાણના દંપતિને એડોપ્શન રેગ્યુલેશન-૨૦૨૨ ના નિયમો મુજબ દત્તક પૂર્વના ઉછેર માટે સોંપવામાં આવ્યા હતા. સુરત કલેક્ટર કચેરી ખાતે આ પરિવારોમાં દિવાળી પહેલા જ દિવાળીની ઊજવણી થઈ રહી હોય એવા ઉમંગભર્યા દ્રશ્યો સર્જાયા હતા. કલેક્ટરશ્રીએ દત્તક ઈચ્છુક દંપતિઓને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમાજ સુરક્ષા અધિકારીશ્રી જિજ્ઞેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બાળ સુરક્ષા અધિકારીશ્રી વિજય પરમાર અને કચેરીની ટીમ દ્વારા સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

## અંધારી રાત્રે ઝૂંપડપટ્ટીમાં, ૧૦૮ના પ્રકાશમાં જીવન પાંગર્યું

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।



અમદાવાદના દસક્રોઈ તાલુકાના બાકરોલ-બુજરંગ ગામની ઝૂંપડપટ્ટીમાં અંધકાર ઘેરાયેલો હતો. ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વીજળીના અભાવે રાત વધું કાળી લાગતી હતી. ઘડિયાળના કાંટે મધરાતના બે વાગ્યા હતા, એવામાં એક ઘરમાંથી ચીસો સંભળાઈ, ગર્ભવતી મહિલા રૂબિનાબહેન ફકીરને પ્રસવ પીડા ઉપડી હતી. પરિવારજનોના હૈયાના ધબકારા વધી ગયા. શું કરવું, કોને બોલાવવા, ક્યાં લઈ જવા? આવા અનેક પ્રશ્નો મનમાં ઘૂમરાયા કરતા હતા. એવામાં કોઈકે યાદ કર્યું, ૧૦૮! તરત જ ૧૦૮ ને ફોન લાગ્યો. અજીત મીલ લોકેશન પર સ્ટેન્ડ બાય રહેલી ૧૦૮ એમ્બ્યુલન્સ સાયરન વગાડતી બાકરોલ-બુજરંગ ગામ તરફ દોડવા લાગી. ૧૦ કિલોમીટરનું અંતર શક્ય એટલી ઝડપથી કાપવાનું હતું. પાઈલટ કમલેશભાઈ પરમાર અને ઈ.એમ.ટી. મહાવીરસિંહ પ્રસૂતાનો જીવ બચાવવા દોડી આવ્યા હતા. ઝૂંપડપટ્ટીમાં બન્ને પહોંચ્યા ત્યારે જોયું તો ઘોર અંધકાર! અસ્થાયી ઝૂંપડપટ્ટીઓની વસાહતમાં વીજળી તો ક્યાંથી હોય! ઝૂંપડીઓમાં કે બહાર એકેય લાઈટ નહીં. ઈ.એમ.ટી. એ તપાસ કરી તો ખબર પડી કે મહિલાની હાલત નાજુક છે, તાત્કાલિક ડિલિવરી કરાવવી પડશે. પણ આ અંધારામાં શું કરવું? પાઈલટ કમલેશભાઈ અને ઈ.એમ.ટી. મહાવીરસિંહે સમયસૂચકતા વાપરી. તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સની લાઈટ ચાલુ રાખીને ૧૦૮ના પ્રકાશમાં જ ડિલિવરી કરાવવાનું નક્કી કર્યું. પ્રસૂતા મહિલાનો ખાટલો ઝૂંપડીની બહાર લાવવામાં આવ્યો. ૧૦૮ની લાઈટ હવે ઓપરેશન થીએટરની લાઈટ સમાન બની ગઈ હતી. તેના પ્રકાશમાં એક નવા જીવનનો જન્મ થવાનો હતો. નવું જીવન પાંગરવાનું હતું. નવજાત શિશુનું માથું બહાર આવી ગયું હતું. ઈ.એમ.ટી. મહાવીરસિંહે કોલ સેન્ટરમાં ફોન કરી ઈ.આર.સી.પી. ના માર્ગદર્શન હેઠળ ડિલિવરી કરાવી. એક નવું જીવન અંધકારમાંથી પ્રકાશમાં આવ્યું. માતા અને બાળક બંને સુરક્ષિત હતા. રૂબિનાબેન અને તેના નવજાત શિશુને સિંગરવા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. માતા અને બાળક બન્ને સ્વસ્થ છે.

આ ઘટના જોઈને ઝૂંપડપટ્ટીના લોકોએ ૧૦૮ ની ટીમનો આભાર માન્યો. ૧૦૮ એમ્બ્યુલન્સ એ માત્ર ઈમરજન્સિ સેવા જ નહી, પણ કરોડો લોકો માટે આશાનું કિરણ બની ગઈ છે. કમલેશભાઈ અને મહાવીરસિંહ જેવા અનેક કર્મયોગીઓ દિવસ-રાત લોકોની સેવા કરી રહ્યા છે.

## કપરાડાની લવકર પીએચસીમાં વિશ્વ આયોડિન ઉણપ નિવારણ દિવસની ઉજવણી કરાઈ

। વલસાડ, તા.૨૨ ।

વલસાડ જિલ્લાના ૫૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૭ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ આયોડિન ઉણપ નિવારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કપરાડા તાલુકાના લવકર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આ દિનની ઉજવણી નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫૦ થી ૬૦ સગર્ભા બેનોના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય કચેરીના માહિતી, શિક્ષણ અને પ્રસારણ અધિકારી પંકજભાઈ પટેલે જણાવ્યુ કે, દર વર્ષે ૨૧ ઓક્ટોબરના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે. આયોડિન યુક્ત મીઠુ શારીરિક અને માનસિક વિકાસ માટે ખૂબ જ મહત્વનું છે. શરીરમાં આયોડિનની ઉણપથી સગર્ભાવસ્થામાં અને આવનાર નવજાત બાળકોને ખૂબ જ ગંભીર અસર કરે છે.

## પ્રયાગરાજ મંડળ પર ટ્રાફિક બ્લોક લેવાને કારણે અમદાવાદ મંડળથી ચાલતી/પસાર થતી કેટલીક ટ્રેનો પરિવર્તિત માર્ગથી દોડશે

। અમદાવાદ, તા.૨૨ ।

ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજ મંડળના ટુંડલા-કાનપુર સેન્ટ્રલ સેક્શનના ગોવિંદપુરી સ્ટેશન પર એન્જિનિયરિંગ કાર્ય માટે પાવર અને ટ્રાફિક બ્લોક લેવાને કારણે અમદાવાદ મંડળથી ચાલતી/પસાર થતી કેટલીક ટ્રેનો ૮ નવેમ્બરથી ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ સુધી પરિવર્તિત માર્ગ પર દોડશે તથા આ ટ્રેનોને ગોવિંદપુરી સ્ટેશનને સ્થાને કાનપુર સેન્ટ્રલ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન સંખ્યા ૨૨૪૬૭ વારાણસી-ગાંધીનગર એક્સપ્રેસ ટ્રેનને નિર્ધારિત માર્ગ વાયા ચંદારી-ગોવિંદપુરી ને સ્થાને પરિવર્તિત માર્ગ વાયા ચંદારી-કાનપુર સેન્ટ્રલ-ગોવિંદપુરીના માર્ગ પર ચલાવવામાં આવશે.

૨. ટ્રેન સંખ્યા ૦૯૪૫૮ દાનાપુર-અમદાવાદ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનને નિર્ધારિત માર્ગ વાયા ચંદારી-ગોવિંદપુરી-પનકી ધામને સ્થાને પરિવર્તિત માર્ગ વાયા ચંદારી-કાનપુર સેન્ટ્રલ-પનકી ધામના માર્ગ પર ચલાવવામાં આવશે.

૩. ટ્રેન સંખ્યા ૦૯૫૭૦ બરૌની-રાજકોટ સ્પેશિયલ ટ્રેન ટ્રેનને નિર્ધારિત માર્ગ વાયા ચંદારી-ગોવિંદપુરી-પનકી ધામને સ્થાને પરિવર્તિત માર્ગ વાયા ચંદારી-કાનપુર સેન્ટ્રલ-પનકી ધામના માર્ગ પર ચલાવવામાં આવશે.

૪. ટ્રેન સંખ્યા ૦૯૫૨૬ નાહરલગુન-હાપા સ્પેશિયલ ટ્રેનને નિર્ધારિત માર્ગ વાયા ચંદારી-ગોવિંદપુરી-પનકી ધામને સ્થાને પરિવર્તિત માર્ગ વાયા ચંદારી-કાનપુર સેન્ટ્રલ-પનકી ધામના માર્ગ પર ચલાવવામાં આવશે.

૫. ટ્રેન સંખ્યા ૧૨૯૪૬ બનારસ-વેરાવળ ટ્રેનને નિર્ધારિત માર્ગ વાયા ચંદારી-ગોવિંદપુરી-પનકી ધામને સ્થાને પરિવર્તિત માર્ગ વાયા ચંદારી-કાનપુર સેન્ટ્રલ-પનકી ધામના માર્ગ પર ચલાવવામાં આવશે.

મુસાફરો ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી મેળવવા માટે વેબસાઈટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

## ટોયોટા કિર્લોસ્કર મોટરે ગ્લાન્ઝાની 'ફેસ્ટિવલ લિમિટેડ એડિશન' લોન્ચ કરવાની જાહેરાત કરી

। બેંગ્લોર, તા.૨૨ ।

ટોયોટા કિર્લોસ્કર મોટરે આજે તહેવારોની ભાવનાને ધ્યાનમાં રાખીને ટોયોટા ગ્લાન્ઝાની 'ફેસ્ટિવલ લિમિટેડ એડિશન' લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ગ્રાહકો હવે ડીલર ફીટેડ ટોયોટા જેન્યુઈન એસેસરી (TGA) પેકેજનો આનંદ માણી શકે છે. આ ઉત્સવના સમયગાળા દરમિયાન ગ્લાન્ઝાની શ્રેષ્ઠ સ્ટાઈલ, પ્રદર્શન અને આરામ સાથે તેમના ડ્રાઈવિંગ અનુભવને વધારવા માટે તે ડિઝાઈન કરવામાં આવ્યું છે. તેની અદ્યતન ટેક્નોલોજી, આકર્ષક ડિઝાઈન અને ઉચ્ચ બળતણ કાર્યક્ષમતા માટે જાણીતી, ૨૦૧૯ની લિમિટેડ એડિશન ટોયોટા ગ્લાન્ઝા રૂ. ૨૦,૫૬૭ના મૂલ્યના ૧૩ વિશેષ TGA પેકેજોથી સજ્જ છે. વાહનની પ્રીમિયમ સુવિધાઓ અલગ છે - ક્રોમ અને બ્લેક બોડી સાઈડ મોલ્ડિંગ, બેક ડોર ગાર્નિશ ક્રોમ અને ઓઆરવીએમ ગાર્નિશ ક્રોમ. અન્ય હાઈલાઈટ્સમાં વધારાના આરામ માટે 3D ફ્લોરમેટ, ડોર વિઝર પ્રીમિયમ અને નેક કુશન (બ્લેક અને સિલ્વર)નો સમાવેશ થાય છે. ટોયોટા ગ્લેન્ઝાની સ્ટાઈલિશ અપીલ પાછળના બમ્પર પર ક્રોમ ગાર્નિશ, ફેન્ડર્સ તેમજ પાછળના રિફ્લેક્ટર્સ અને વેલકમ ડોર લેમ્પ્સ સાથે વધુ સમૃદ્ધ છે, જે તેને પ્રીમિયમ ટચ આપે છે.

ટોયોટા ગ્લાન્ઝાની ફેસ્ટિવ લિમિટેડ એડિશનના લોન્ચિંગ પર ટિપ્પણી કરતાં, ટોયોટા કિર્લોસ્કર મોટરના સેલ્સ-સર્વિસ-યુઝ્ડ કાર બિઝનેસના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી સાબરી મનોહરે જણાવ્યું હતું કે, અમે ટોયોટા ગ્લાન્ઝાના 'ફેસ્ટિવલ લિમિટેડ એડિશન'ની રજૂઆત સાથે આ તહેવારોની સિઝન દરમિયાન અમારા ગ્રાહકોમાં વધારાની ઉત્તેજના લાવવાનું લક્ષ્ય રાખીએ છીએ. ગ્લાન્ઝા તેની ગતિશીલ-સ્પોર્ટી ડિઝાઈન, અદ્યતન સુવિધાઓ અને શ્રેષ્ઠ પ્રદર્શનના મિશ્રણ માટે હંમેશા પ્રશંસા પામી છે અને આ મર્યાદિત આવૃત્તિ સાથે, અમે તેના આકર્ષણને વધુ વધારી રહ્યા છીએ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### જબલપુરની ઓર્ડિનન્સ ફેક્ટરીમાં જોરદાર બ્લાસ્ટ



। (એજન્સી) જબલપુર,તા.૨૨ ।

જબલપુરની ઓર્ડનન્સ ફેક્ટરી ખમરિયામાં મંગળવારે જોરદાર વિસ્ફોટ થયો હતો, જેમાં ૯ કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ દુર્ઘટના ફેક્ટરીના F-6 સેક્શનમાં ત્યારે થઈ જ્યારે એરિયલ બોમ્બ અચાનક ફાટ્યો. બ્લાસ્ટની તીવ્રતા એટલી હતી કે આખી ઈમારત ધરાશાયી થઈ ગઈ. સૂત્રોના જણાવ્યા અનુસાર કાટમાળ નીચે ઘણા કર્મચારીઓ દટાયા હોવાની આશંકા છે. ઘટના બાદ ફેક્ટરી મેનેજમેન્ટે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. રાહત અને બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી છે અને ફસાયેલા કર્મચારીઓને બહાર કાઢવામાં વ્યસ્ત છે. વહીવટીતંત્ર પણ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. વિસ્ફોટના કારણે ત્રણ કર્મચારીઓ રામેન્દ્ર કુમાર, કુમાર ગૌતમ અને શ્યામ કુમાર ગંભીર રીતે ઘાયલ થયા હતા, તેમને પહેલા ભીંજાયેલી હાલતમાં OFK હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યારપછી તેને મહાકોશલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો.

### મહારાષ્ટ્રમાં ભૂકંપના કારણે ધરતી ધ્રૂજી, લોકોમાં ભયનો માહોલ



। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

દેશમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો છે. અચાનક ધરતી ધ્રૂજવા લાગી અને લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો. મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં ભૂકંપના કારણે લોકો ગભરાટમાં છે. જોકે કોઈ નુકસાનના સમાચાર નથી, પરંતુ લોકોને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. આજે સવારે મહારાષ્ટ્રમાં ભૂકંપ ના આંચકાથી લોકો ભયભીત થઈ ગયા હતા. ૭ વાગે અચાનક ધરતી ધ્રૂજવા લાગી, જેના કારણે અરાજકતા ફેલાઈ ગઈ. નાંદેડ જિલ્લાના હદગાંવ શહેરના સાવરગાંવ ગામમાં ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૮ માપવામાં આવી હતી. ધરતીકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી ૫ કિલોમીટરની ઊંડાઈએ ૧૯.૩૮ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૭.૪૬ ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું.

### બેન્ક ઓફ બરોડાના ગ્રાહકના લોકરમાંથી ૫૦ લાખ રૂપિયાનું સોનું અને ચાંદી ગાયબ



। (એજન્સી) ગાજિયાબાદ, તા.૨૨ ।

મોદીનગર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. બેંક ઓફ બરોડાના ગ્રાહક ઈશા ગોયલે આરોપ લગાવ્યો છે કે, તેમના બેંક લોકરમાંથી ૫૦ લાખ રૂપિયાનું સોનું અને ચાંદી ગાયબ થઈ ગયા છે. ઈશા ગોયલને બેંકમાંથી ફોન આવ્યો હતો. બેંકે કહ્યું હતું કે, “તમે તમારુ લોકર જોઈ લો.” ત્યાર બાદ તે પોતાના પતિ અને સસરા સાથે બેંકમાં આવી. અહીં આવીને જોયું તો તેમનું લોકર તૂટેલું હતું અને અંદર કંઈ હતું જ નહીં. આખું લોકર ખાલી હતું. મહિલાએ જણાવ્યું કે, તેમાં ૪૦-૫૦ તોલા સોનું અને ૫૦-૬૦ તોલા ચાંદીના ઘરેણાં હતા. ઈશા ગોયલે જણાવ્યું કે, તેમને આજે સવારે બેંકમાંથી ફોન આવ્યો હતો કે તેમનું લોકર ખુલેલું છે. જ્યારે તે બેંકમાં પહોંચી તો તેમણે જોયું કે લોકર ખુલેલું છે અને તેમાં રાખેલા સોના અને ચાંદીના ઘરેણાં ગાયબ છે. ત્યાર બાદ પોલીસને સૂચના આપી. પોલીસે તરત આ કેસમાં તપાસ શરૂ કરી. ઈશા ગોયલે કહ્યું કે, આ ઘટનાથી સંબંધિત બેંક કર્મચારી સાથે વાત કરવાની કોશિશ કરી.

વક્ફ બિલ પર JPC ની બેઠકમાં ભારે હંગામો

# સંસદની વક્ફ બિલ પર થયેલી JPCની બેઠકમાં ગરમાગરમી થઈ

## પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ ટીએમસી સાંસદ કલ્યાણ બેનરજી અને ભાજપના સાંસદ અભિજીત ગંગોપાધ્યાય વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૨ ।

સંસદની વક્ફ બિલ પર મંગળવારે થયેલી JPCની બેઠકમાં ગરમાગરમી થઈ ગઈ. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ ટીએમસી સાંસદ કલ્યાણ બેનરજી અને ભાજપના સાંસદ અભિજીત ગંગોપાધ્યાય વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ.

આ દરમિયાન કલ્યાણ બેનરજીએ ત્યાં મૂકેલી કાંચની પાણીની બોટલ ટેબલ પર મારી જેના કારણે તેઓ ઈજાગ્રસ્ત થયા. કલ્યાણ બેનરજીને ત્યારબાદ સારવાર માટે લઈ જવાયા. તેમને અંગૂઠા અને એક આંગળી પર ઈજા થઈ છે. તેમને ચાર ટાંકા આવ્યા છે. આ ધમાચકડીના કારણે બેઠક થોડીવાર રોકવામાં આવી. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે કલ્યાણ બેનરજીએ અચાનક બોટલ ઉઠાવી અને મેજ પર ફોડી. જેના કારણે તેઓ પોતે જ ઈજાગ્રસ્ત થઈ ગયા. આ બેઠક સંસદ પરિસરમાં યોજાઈ હતી. સૂત્રોના જણાવ્યાં મુજબ આ બેઠકમાં અનેક રિટાયર્ડ જજ, વરિષ્ઠ વકીલો, અને બુદ્ધિજીવીઓ હાજર હતા. આ બધા વચ્ચે અચાનક કલ્યાણ બેનરજી ઊભા થઈને બોલવા લાગ્યા. તેઓ આ પહેલા પણ બેઠકમાં અનેકવાર બોલી ચૂક્યા હતા. પરંતુ આ વખતે જ્યારે તેઓ વચ્ચે બોલ્યા તો અભિજીત ગંગોપાધ્યાયે આપત્તિ જતાવી. તેમની આપત્તિ બાદ કલ્યાણ બેનરજીએ તેમના વિરુદ્ધ આપત્તિજનક શબ્દોનો ઉપયોગ કર્યો.

આ બધા વચ્ચે બંનેએ એકબીજા વિરુદ્ધ અભદ્ર શબ્દોનો ઉપયોગ કર્યો અને ગુસ્સામાં કલ્યાણ બેનરજીએ કાંચની બોટલ ઉઠાવીને મેજ પર પટકી. જેના કારણે તેઓ ઈજાગ્રસ્ત થયાઆ ઘટના બાદ જેપીસીમાં સામેલ સત્તાધારી પક્ષના સભ્યો વિફર્યા અને તેમણે કલ્યાણ બેનરજીને કમિટીમાંથી સસ્પેન્ડ કરવાની માંગણી કરી. બાકી વિપક્ષી સભ્યોએ કહ્યું કે જેપીસી પાસે સસ્પેન્ડ કરવાનો હક નથી. વિપક્ષી સભ્યોએ જેપીસીમાં કહ્યું કે અભિજીત બેનરજી અને કલ્યાણ બેનરજી બંનેએ બંગાળી ભાષામાં એકબીજા પર આરોપ અને અન્ય વાતો કરી આથી પહેલા તેને રેકોર્ડમાં લાવીને બધા સભ્યોને ઈંગ્લિશ કે હિન્દીમાં જણાવવામાં આવે, ત્યારબાદ કોઈ કાર્યવાહી થાય. પરંતુ સત્તા પક્ષના સભ્યોએ કહ્યું કે એ બધી પછીની વાત છે પહેલા કલ્યાણ બેનરજીને સસ્પેન્ડ કરવામાં આવે. ત્યારબાદ જેપીસી અધ્યક્ષ જગદંબિકા પાલે કલ્યાણ બેનરજીને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી. વક્ફ બિલ પર જેપીસીની બેઠકમાં હંગામો થતો રહે છે. ગત અઠવાડિયે પણ ભારે હંગામો થયો હતો.

ત્યારબાદ વિપક્ષી સાંસદોએ વોકઆઉટ કર્યું હતું. મળતી માહિતી મુજબ વિપક્ષી સાંસદોએ ભાજપના સાંસદો પર તેમના વિરુદ્ધ આપત્તિજનક ભાષાના ઉપયોગનો આરોપ લગાવ્યો હતો. તેમનો આરોપ છે કે આ દરમિયાન સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલે પણ ભાજપના સાંસદો વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરી નહીં. જ્યારે ભાજપના સાંસદોએ આરોપ લગાવ્યો કે અભદ્ર ભાષાનો ઉપયોગ વિપક્ષી સાંસદો તરફથી કરાયો હતો.

બંધારણની પ્રસ્તાવના ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ જાહેર કરાયેલી ઘોષણા હતી

# ધર્મનિરપેક્ષતા બંધારણના મૂળભૂત માળખાનો હિસ્સો છે : સુપ્રીમ કોર્ટ

## બંધારણની પ્રસ્તાવનામાં ‘સોશિયાલિસ્ટ’ અને ‘સેક્યુલર’ શબ્દના સમાવેશ મુદ્દે કોર્ટની ટિપ્પણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, ધર્મ નિરપેક્ષતા હંમેશા ભારતીય બંધારણના મૂળભૂત માળખાનો હિસ્સો રહી છે. કોર્ટે સોમવારે રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ સુબ્રમણિયન સ્વામી, વિષ્ણુશંકર જૈન અને અન્યની પિટીશન અંગે સુનાવણી કરતી વખતે આવી ટિપ્પણી કરી હતી. અરજીમાં ‘સોશિયાલિસ્ટ’ (સમાજવાદી) અને ‘સેક્યુલર’ (ધર્મનિરપેક્ષ) શબ્દને બંધારણની પ્રસ્તાવનામાં સામેલ કરવાના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો.જજ સંજીવ ખન્ના અને જજ સંજય કુમારની બેન્ચે જણાવ્યું હતું કે, “આ કોર્ટે સંખ્યાબંધ ચુકાદામાં જણાવ્યું છે કે ધર્મનિરપેક્ષતા (સેક્યુલરિઝમ) હંમેશા બંધારણના પાયાના માળખાનો ભાગ રહી છે. તે બંધારણની મુખ્ય વિશેષતા છે.” ઉલ્લેખનીય છે કે, ઈંદિરા ગાંધીએ ૧૯૭૬માં ૪૨મા બંધારણીય એમેન્ડમેન્ટ હેઠળ બંધારણની



પ્રસ્તાવનામાં ‘સોશિયાલિસ્ટ’ અને ‘સેક્યુલર’ શબ્દને ઉમેર્યા હતા. તેને લીધે બંધારણની પ્રસ્તાવનામાં ભારતનું વર્ણન ‘સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક’માંથી બદલી ‘સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી પ્રજાસત્તાક’ થયું હતું. સુનાવણી વખતે એડવોકેટ જૈને જણાવ્યું હતું કે, “ડો. ભીમરાવ આંબેડકરના અભિપ્રાય મુજબ ‘સોશિયાલિઝમ’ શબ્દના સમાવેશથી વ્યક્તિગત સ્વતંત્રતા ઘટશે.” તેમણે વધુમાં કહ્યું હતું કે, “પ્રસ્તાવનામાં એમેન્ડમેન્ટ્સ દ્વારા ફેરફાર કરી શકાય નહીં.” સુબ્રમણિયન સ્વામીએ જણાવ્યું હતું કે, “બંધારણની પ્રસ્તાવના ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ જાહેર કરાયેલી ઘોષણા હતી. એટલે તેમાં એમેન્ડમેન્ટ દ્વારા શબ્દોનો ઉમેરો એકપક્ષીય ગણાય. વર્તમાન પ્રસ્તાવનાને આધારે એવું માનવું ખોટું ગણાશે કે ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતના લોકો બંધારણની પ્રસ્તાવનામાં ‘સમાજવાદ અને ધર્મનિરપેક્ષ’ શબ્દના સમાવેશ માટે સંમત હતા.જજ ખન્નાએ જણાવ્યું હતું કે, “સોશિયાલિઝમ કે સમાજવાદના જુદાજુદા અર્થ થાય છે. તેનો પશ્ચિમના દેશો દ્વારા અપનાવાયેલો અર્થ સ્વીકારવો જોઈએ નહીં. સમાજવાદનો અર્થ એવો પણ થાય કે દેશના નાગરિકોને સમાન તક મળવી જોઈએ અને દેશની સંપ ત્તિ જનતામાં સમાન રીતે વહેંચાવી જોઈએ.”

સાક્ષી મલિકના બબીતા ફોગાટ પર ગંભીર આક્ષેપ

# બબીતાએ જ પહેલવાનોને બ્રિજભૂષણ સિંહ સામે ઉશ્કેર્યા હતા : સાક્ષી મલિક

। (એજન્સી) ચંદીગઢ,તા.૨૨ ।

પૂર્વ ભારતીય મહિલા પહેલવાન સાક્ષી મલિકે ભાજપ નેતા બબીતા ફોગાટને લઈને મોટો દાવો કર્યો છે. એક મીડિયા ઈન્ટરવ્યુમાં સાક્ષી મલિકે જણાવ્યુ હતું કે, બબીતા ફોગાટ જ પહેલવાનોને બ્રિજભૂષણ સિંહ સામે ઉશ્કેર્યા હતા, કારણ કે તે બ્રિજભૂષણને રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ પદેથી હટાવીને પ્રમુખ બનવા માગતી હતી. સાક્ષી મલિકે વધુમાં જણાવ્યું હતું કે, ‘બબીતા ફોગાટે ઘણાં પહેલવાનો સાથે બેઠક કરી હતી. જેમાં તેમણે પહેલવાનોને રેસલિંગ ફેડરેશનની અંદર છેડતી સહિતની કથિત ગેરવર્તણૂક સામે વિરોધ કરવાની અપીલ કરી હતી.’ ભાજપના નેતાઓ પર આરોપ લગાવતા સાક્ષી મલિકે જણાવ્યું હતું કે, ‘ભાજપના બે નેતાઓ બબીતા ફોગાટ અને તીરથ રાણાએ અમને હરિયાણામાં વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી અપાવવામાં મદદ કરી. બબીતા ફોગાટે બ્રીજભૂષણ શરણ સિંહ સામે વિરોધ કરવાના વિચાર સાથે અમારો સંપર્ક કર્યો હતો, કારણ કે તેમનો પોતાનો એજન્ડા હતો. તે ડબ્લ્યુએફઆઈના પ્રમુખ બનવા માંગતી હતી.’ સાક્ષી મલિકે જણાવ્યું હતું કે, ‘વિરોધ બબીતા ફોગાટથી સંપૂર્ણપણે પ્રભાવિત નહોતો, અમે તેમનો આંખો મીંચીને વિશ્વાસકર્યો



નહતો, પરંતુ તેના સૂચન પર વિરોધ શરૂ થયો હતો. અમે જાણતા હતા કે ફેડરેશનમાં જાતીય સતામણી અને છેડતી જેવા ગંભીર મુદ્દાઓ છે. અમે માનતા હતા કે મહિલા નેતૃત્ત્વ સકારાત્મક પરિવર્તન લાવશે. ખાસ કરીને બબીતા ફોગટ જેવી મહિલા, જે એક સ્પોર્ટ્સપર્સન પણ છે.’ બબીતા ફોગાટ વિશે વાત કરતાં સાક્ષી મલિકે કહ્યું, ‘અમને લાગ્યું કે તે (બબીતા) વિરોધમાં અમારી સાથે બેસીને સાથી પહેલવાન તરીકે ખોટાં કામો સામે અવાજ ઉઠાવશે. તે અમારા સંઘર્ષને સમજશે. પરંતુ અમે ક્યારેય વિચાર્યંસ ન હતું કે તે અમારી સાથે આટલી મોટી રમત રમશે.’ ઉલ્લેખનીય છે કે, ઘણી મહિલા પ હેલવાનોએ ભારતીય જનતા પાર્ટીના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ સિંહ પર યૌન ઉત્પીડનનો આરોપ લગાવ્યો હતો અને તેમની સામે તપાસની માંગ સાથે લાંબો વિરોધ પણ કર્યો હતો.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે સિંગાપોરના રક્ષામંત્રી ડો. એનજી એન્જી હેન ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા હતા.

# એરલાઇન્સ બાદ હવે CRPFની શાળાઓમાં પણ બોમ્બની ધમકી

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨।

દેશમાં CRPF દ્વારા સંચાલિત ઘણી શાળાઓમાં બોમ્બની ધમકી મળી રહી છે. ધમકી મળી ત્યારથી જ પોલીસ ફોર્સ એલર્ટ છે અને મળેલી તમામ ધમકીઓની તપાસ કરી રહી છે. જે શાળાઓને ધમકી મળી, તેમાંથી બે દિલ્હી અને એક હૈદરાબાદની શાળા છે. નોંધનીય છે કે, દેશમાં હાલ ઘણી એરલાઈન્સને પણ બોમ્બથી ઉડાડી દેવાની ધમકીઓ મળી રહી છે. જેને લઈને એરલાઈન્સને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પોલીસે જણાવ્યું કે, ઈમેલ દ્વારા શાળાના સંચાલકોને બોમ્બની ધમકીઓ આપવામાં આવી રહી છે. નોંધનીય છે કે, આ ધમકીઓ દિલ્હીના રોહિણી સ્થિત CRPF શાળાની દીવાલની પાસે થયેલાં બોમ્બ વિસ્ફોટના એક દિવસ બાદથી મળી રહી છે. આ બોમ્બ વિસ્ફોટમાં કોઈ જાનહાનિ નથી થઈ, પરંતુ આસપાસની દુકાન અને વાહનોના કાચ તૂટી ગયાં હતાં. પોલીસ આ બોમ્બ ધમકીઓની તપાસ કરી રહી છે. દિલ્હીની CRPF શાળાની પાસે થયેલાં બોમ્બ વિસ્ફોટમાં દિલ્હી પોલીસ ખાલિસ્તાન એંગલથી તપાસ કરી રહી છે.

મહારાષ્ટ્રમાં ચૂંટણી પહેલા રોકડાની હેરફેરનો મામલો

# પુણેથી કોલ્હાપુર જઈ રહેલી ખાનગી ગાડીમાંથી ચારથી પાંચ કરોડ સુધીની રકમ જપ્ત કરાઈ

## આ મામલે ચાર જેટલા લોકોની અટકાયત પણ કરવામાં આવી છે જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં ચૂંટણીની જાહેરાત પણ થઈ ચુકી છે

। (એજન્સી) પુણે, તા.૨૨ ।

મહારાષ્ટ્રમાં પુણે જિલ્લાના ખેડ શિવપુરાવિસ્તારમાં એક ખાનગી વાહનમાંથી મોટી માત્રામાં રોકડ જપ્ત કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, પુણેથી કોલ્હાપુર જઈ રહેલી આ ખાનગી ગાડીમાંથી ચારથી પાંચ કરોડ સુધીની રકમ જપ્ત કરવામાં આવી છે. પુણે ગ્રામીણ પોલીસ દ્વારા ચૂંટણીને ધ્યાને લઈ કરવામાં આવી રહેલી બૂથ તપાસ દરમિયાન આ મામલો સામે આવ્યો છે.

સફેદ રંગની ઈનોવાને રાજગઢ જિલ્લાના પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવી છે. આ મામલે ચાર લોકોની અટકાયત પણ કરવામાં આવી છે. જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં ચૂંટણીની જાહેરાત થઈ ચુકી છે, ત્યારબાદ પોલીસ આ પ્રકારનું ચેકિંગ અભિયાન ચલાવી રહી છે. કારમાં સાંગોલા બેઠકના ધારાસભ્ય શહાજી



બાપુ પાટીલના કાર્યકર્તા શાહજી નલાવડે સવાર હતાં. શહાજી બાપુ એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેના પાર્ટીના ધારાસભ્ય છે. મળતી માહિતી મુજબ, જે કારમાંથી પૈસા જપ્ત કરવામાં આવ્યા છે, તે શાહજી બાપુ પાટીલના દીકરાની છે. પુણે ગ્રામીણ પોલીસે સોમવારે મોડી રાત્રે ખેડ શિવપુર ટોલ પ્લાઝા પર નિયમિત વાહન ચેકિંગ દરમિયાન પાંચ કરોડ રૂપિયા રોકડ જપ્ત કરી હતી. આ પૈસા એક સફેદ ઈનોવામાંથી મળ્યાં. પૈસાના સ્રોતને લઈને આગળની તપાસ માટે રોકડ આવકવેરા વિભાગને સોંપી દેવામાં આવી છે. રોકડ જપ્ત કર્યા બાદ પોલીસે પ્રોટોકોલનું પાલન કરતાં તાત્કાલિક સ્થાનિક મામલતદાર અને રિટર્નિંગ ઓફિસરને ઘટનાસ્થળે બોલાવ્યાં. ગાડીમાં સવાર ચારેય વ્યક્તિઓની પોલીસ પૂછપરછ કરી રહી છે. જોકે, હજુ સુધી કોઈ ધરપકડ કરવામાં નથી આવી અને આગળની તપાસ શરૂ છે. રોકડ કયા ઉદ્દેશ્યથી લઈ જવામાં આવી રહી હતી, તેની તપાસ ચાલી રહી છે. તપાસ આગળ વધતાં વધુ જાણકારી સામે આવશે. આ મામલે શિવસેના ધારાસભ્ય શાહજી બાપુ પાટીલે કહ્યું કે, આ કાર મારી કે મારા પરિવારની નથી, તેનો અમારા સાથે કોઈ સંબંધ નથી. દિવસ-રાત સંજય રાઉત અમને જ જોઈ રહ્યાં છે. જ્યારથી અમે બળવો કરવામાં સફળ થયાં, ત્યારથી જ સંજય રાઉત અમને નિશાનો બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. કાર જે અમોલ નલાવડેની છે, તે કઈ પાર્ટીના છે તે કહી શકતાં નથી.

બાગપતમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# શૂટર ભાડે રાખીને પોતાની પ્રેમિકાના પતિની હત્યાનો પ્લાન બનાવ્યો હતો

## શૂટરને અઢી લાખમાં ભાડે લાવ્યા હતા પ્લાનિંગ અનુસાર હત્યા કરવા માટે શૂટર અને ઈમરાન શામલી પહોંચ્યા હતા

। (એજન્સી) લખનૌ ,તા.૨૨ ।

ઉત્તર પ્રદેશના બાગપતમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં બડોત પોલીસે એવા શૂટરની ધરપકડ કરી છે, જેણે મર્ડરની સોપારી આપનારા શખ્સનું જ ગળું દબાવ્યા બાદ ગોળી મારીને હત્યા કરી નાખી. હકીકતમાં જોઈએ તો, ઈમરાન નામના શખ્સે ત્રણ શૂટર ભાડે રાખીને પોતાની પ્રેમિકાના પતિની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. શૂટરને અઢી લાખમાં ભાડે લાવ્યા હતા. પ્લાનિંગ અનુસાર હત્યા કરવા માટે શૂટર અને ઈમરાન શામલી પહોંચ્યા હતા, પણ બાદમાં ઈમરાને ત્રણેય શૂટરને સોપારીના પૈસા આપવાની ના પાડી દીધી. તેના પર શૂટરે સોપારી આપનારા શખ્સ ઈમરાનનું ગળું દબાવીને બાદમાં ગોળી મારીને હત્યા કરી દીધી. તેની લાશ શામલી ગઢીપુખ્તા વિસ્તારના જંગલમાં નાખી દીધી. પોલીસે ત્રણેય હત્યારોપી શૂટરની ધરપકડ કરતા આ ખુલાસો કરી દીધો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે શૂટરમાંથી એક ઈમરાનને ઘરેથી સાથે લઈને નીકળ્યો હતો. ઘરવાળાઓએ સૌથી પહેલા તેનું જ નામ બતાવતા હતા. આ શખ્સ સાથે પૂછપરછમાં તમામ ખુલાસા થઈ ગયા. હકીકતમાં જોઈએ તો, શામલીની રહેવાસી પ્રેમિકા અને ઈમરાન વચ્ચે મહિલાનો પતિ અડચણ બનતો હતો. મહિલા વારંવાર ઈમરાન સાથે રહેવાની જીદ કરતી હતી. ત્યારે આવા સમયે ઈમરાને પ્રેમિકાના પતિને રસ્તામાં હટાવાનો પ્લાન બનાવી નાખ્યો. આ બાજુ ઈમરાને ત્રણ શૂટર ભાડે રાખ્યા હતા અને ઈકો કારમાં શૂટર સાથે બેસીને હત્યા કરવા માટે ઈમરાન શામલી પહોંચી ગયો. શામલી જઈને શૂટરે સોપારીના અઢી લાખ રૂપિયા પહેલા તો ઈમરાન પાસે માગ્યા, પણ ઈમરાને એડવાન્સ રૂપિયા આપવાની ના પાડી દીધી. તેને લઈને ઈમરાન અને ભાડાના શૂટર વચ્ચે ઝઘડો થઈ ગયો. આ દરમ્યાન ત્રણેય શૂટરે ઈમરાનનું ગળું દબાવીને બાદમાં ગોળી મારીને હત્યા કરી નાખી. બાદમાં તેની લાશને જંગલમાં ફેંકી દીધી.

## તંત્રી લેખ...

# કોલકાતા : જુનિયર ડોક્ટરોની ભૂખ હડતાલ સમાપ્ત થઈ

બંગાળની રાજધાની કોલકાતામાં તાલીમાર્થી મહિલા ડોકટરો સાથે બળાત્કાર અને હત્યાના વિરોધમાં જુનિયર ડોકટરોની ભૂખ હડતાલ સોમવારે ૧૭માં દિવસે સમાપ્ત થઈ ગઈ છે. આ સાથે તબીબોએ પણ મંગળવારની આરોગ્ય હડતાળ પાછી ખેંચી લીધી છે. ગત સોમવારે સાંજે નબન્નાના સચિવાલયમાં ડોક્ટરોની પેનલે મુખ્યમંત્રી મમતા સાથે લગભગ ૨ કલાક સુધી ચર્ચા કરી હતી. ગયા સોમવારે પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જી સાથેની બેઠકના થોડા કલાકો પછી, આંદોલનકારી જુનિયર ડોકટરોએ ગયા સોમવારે સાંજે તેમની એક અઠવાડિયા લાંબી ભૂખ હડતાલ પાછી ખેંચી હતી. તબીબોએ પણ મંગળવારથી રાજ્યભરની હોસ્પિટલોમાં તેમની સૂચિત હડતાલ પાછી ખેંચી લીધી છે. આ અંગે આંદોલનકારી તબીબોએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી સાથેની આજની બેઠકમાં અમને થોડી ખાતરી મળી હતી, પરંતુ રાજ્ય સરકારનું વલણ હકારાત્મક નહોતું. સામાન્ય લોકોએ અમને દિલથી સાથ આપ્યો છે. તેઓ અને અમારી મૃત બહેનના માતા-પિતા (આરજી કાર હોસ્પિટલ પીડિતા) અમારી બગડતી તબિયતને ધ્યાનમાં રાખીને ભૂખ હડતાલ સમાપ્ત કરવા વિનંતી કરી રહ્યા છે. ડૉક્ટરોએ કહ્યું, ‘‘તેથી, અમે અમારા ‘અમરણાંત ઉપવાસ’ અને મંગળવારે આરોગ્ય ક્ષેત્રમાં સંપૂર્ણ હડતાળનું એલાન પાછું ખેંચી રહ્યા છીએ.’’ ડોક્ટરોની સામાન્ય સભા બાદ આ નિર્ણય લેવાયો છે. તમને જણાવી દઈએ કે, જુનિયર ડોકટરો તાલીમાર્થી ડોકટરોને ન્યાય આપવા અને તબીબી સુવિધાઓમાં સુધારાની માંગને લઈને છેલ્લા ૧૭ દિવસથી ભૂખ હડતાળ પર હતા. અત્યાર સુધીમાં ૬ ડોકટરોની તબિયત ખરાબ હોવાને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે અન્ય ૮ અનિશ્ચિત સમયના ઉપવાસ પર હતા. જણાવી દઈએ કે, ૫ ઓક્ટોબરથી ભૂખ હડતાળ પર બેઠેલા જુનિયર ડોકટરો તાલીમાર્થી ડોકટરોના બળાત્કાર-હત્યા કેસમાં ન્યાય અને રાજ્યના આરોગ્ય સંભાળ માળખામાં મોટા ફેરફારોની માંગ કરી રહ્યા છે. ૨૬મી ઓક્ટોબરના રોજ આરજી કાર હોસ્પિટલમાં જુનિયર ડોકટરો એક સમૂહ પરિષદ યોજશે. અહીં, સોમવારે જ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના કુલતુલીમાં કથિત બળાત્કાર બાદ હત્યા કરાયેલી પીડિતાના માતા-પિતા સાથે મુલાકાત કરી અને તેમને ખાતરી આપી કે ગુનેગારને સખતમાં સખત સજા આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે ૫ ઓક્ટોબરે કુલતુલીમાં એક તળાવમાંથી ચોથા ધોરણના વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવ્યો હતો.

## વોકિઝમ છે શું? તેના મૂળ અર્થમાં વોકિઝમનો અર્થ છે આસપાસની સમસ્યાઓ પ્રત્યે જાગવું

અમેરિકામાં એક યુવતીએ પોતાના માતા-પિતા પર એટલા માટે કેસ ઠોકી દીધો, કારણ કે આ ધરતી પર પેદા કરતાં પહેલાં તેને પૂછ્યું પણ નહોતું! તેને એ નહોતું કહેવાયું કે જીવન જીવવા માટે મહેનત કરવી પડશે અને ઘર ચલાવવા માટે પૈસા કમાવા પડશે! એક વાલી રૂપે ડો.મોહન ભાગવતે આપણને ફૂટ અને અસામંજસ્યની પશ્ચિમી વિચારધારાથી ભરમાઈ જવાના ખતરાઓ પ્રત્યે સચેત કર્યા છે, જે આપણા સમાજમાં ‘વોકિઝમ’ અને ‘સાંસ્કૃતિક માર્ક્સવાદ’ રૂપે મૂળ્યાં જમાવી રહ્યું છે. દશેરાના ભાષણમાં સરસંઘચાલક ડો.મોહન ભાગવતે કહ્યું કે ‘ડીપ સ્ટેટ’, ‘વોકિઝમ’, ‘કલ્ચરલ માર્ક્સસ્ટિ’ જેવા શબ્દો આ દિવસોમાં ચર્ચામાં છે. તેમણે કહ્યું કે કેવી રીતે તે તમામ સાંસ્કૃતિક પરંપરાઓના દુશ્મન છે. તેમણે આપણને સચેત કર્યા કે મૂલ્યો, પરંપરાઓ અને જે કંઈ પણ સારું અને શુભ માનવામાં આવે છે તેનો સંપૂર્ણ વિનાશ આ સમૂહની કાર્યપ્રણાલીનો એક હિસ્સો છે. સરસંઘચાલકે એ વિભિન્ન પગલાંની સ્પષ્ટ યાદી બનાવી જેના દ્વારા સાંસ્કૃતિક પરંપરાઓ પર હુમલો કરવામાં આવે છે. તેમણે કહ્યું કે પહેલું પગલું સમાજની માનસિકતાને આકાર આપનારી પ્રણાલીઓ અને સંસ્થાઓને પોતાના પ્રભાવમાં લાવવાનો છે. શિક્ષણ પ્રણાલી અને શૈક્ષણિક સંસ્થા, મીડિયા, બૌદ્ધિક પ્રવચન વગેરે તેનાં મુખ્ય ઉદાહરણ છે. તેના માધ્યમથી સમાજના વિચારો, મૂલ્યો અને વિશ્વાસને નષ્ટ કરવામાં આવે છે અને એક સાથે રહેતા સમાજમાં, એક ઓળખ-આધારિત સમૂહને તેની વાસ્તવિક કે કૃત્રિમ રૂપે નિર્મિત વિશેષતા, માંગ, આવશ્યકતા કે સમસ્યાના આધાર પર અલગ થવા માટે ઉશ્કેરવામાં કે પ્રેરિત કરવામાં આવે છે. તેમાં પીડિત હોવાની ભાવના પેદા થઈ જાય છે. અંતિમ ચરણમાં અસંતોષને હવા આપીને એ ઓળખ-આધારિત તત્ત્વને બાકી સમાજ કરતાં અલગ કરી વ્યવસ્થા વિરુદ્ધ આક્રમક બનાવી દેવામાં આવે છે. સમાજમાં દોષ શોધીને સીધેસીધા ઝગડા પેદા કરવામાં આવે છે. તે ઉપરાંત, કાયદો-વ્યવસ્થા, શાસન-પ્રશાસન વગેરે પ્રત્યે અવિશ્વાસ અને ઘૃણાની ભાવના તીવ્ર બનાવીને અરાજકતા અને ભયનો માહોલ બનાવવામાં આવે છે. એનાથી આ દેશ પર પોતાનું પ્રભૂત્વ સ્થાપિત કરવું આસાન થઈ જાય છે. આપણી પાસે જે સીમિત સ્થાન છે, તેમાં આપણે વોકિઝમ પર ધ્યાન કેન્દ્રિત કરીએ. વોકિઝમ છે શું? તેના મૂળ અર્થમાં વોકિઝમનો અર્થ છે આસપાસની સમસ્યાઓ પ્રત્યે જાગવું. દેખીતી રીતે તે વ્યાપક અન્યાયને દૂર કરવા માટે એક ઉમદા પ્રયાસ હતો. જોકે વોકિઝમ ત્યારે ખુદ એક વિકૃતિ બની ગયું, જ્યારે તે સાંસ્કૃતિક માર્ક્સવાદીઓ દ્વારા ફૂટ પાડવાનું એક ઉપકરણ બની ગયું. માત્ર સમાનતા અને ન્યાયના આધાર પર સમાજ અને રાષ્ટ્ર-રાજ્યની કલ્પના ન કરી શકાય. તેમને ભાઈચારો જોઈએ, તેમને એકતાની જરૂર છે. વાસ્તવમાં સામાજિક ન્યાયના સૌથી મોટા સમર્થક ડો.આંબેડકરે કહ્યું હતું, ‘હું ઈચ્છું છું કે તમામ લોકો પહેલાં ભારતીય હોય, આખરમાં ભારતીય હોય, અને કંઈ જ નહીં પણ ભારતીય હોય.’ આંબેડકર એ સમયે એક પ્રાસંગિક મુદ્દો બની ગયા જ્યારે તેમણે સમાનતા અને ન્યાયના આદર્શો અને પ્રથાઓને ભાઈચારા અને એક્તા સાથે સમાહિત કરી દીધા. ‘વોકિઝમ’ના અનુયાયી એવા સકારાત્મક વિચારો સાથે સહમત નથી. તેઓ ભારતની સાંસ્કૃતિક પરંપરાઓ પર હુમલો કરતાં કહે છે કે આ માત્ર અન્યાય પેદા કરે છે અને તેને ઉત્તેજન આપે છે. તે આપણી પારિવારિક વ્યવસ્થાને ‘પિતૃસત્તાત્મક’ કહીને તેના પર હુમલો કરે છે અને તેની નિંદા કરે છે, તે આપણા ઉત્સવો અને રિવાજોની નિંદા કરે છે, તેઓ દરેક ભારતીય સંસ્કૃતિની ટીકા કરવા માટે તેને ‘રૂઢિવાદી’ કહે છે. ‘વોકિઝમ’ને એક્તામાં કોઈ દિલચસ્પી નથી.

**શુદ્ધ ઇન્દ્રિયમાં જ પરમાત્માનો પ્રકાશ થાય છે, આથી ઇન્દ્રિયોને શુદ્ધ કરો અને શુદ્ધ રાખો, કાળ બગડયો નથી**

# ઇન્દ્રિયોને શુદ્ધ કરો અને શુદ્ધ રાખો, કાળ બગડયો નથી આપણું કાળજું બગડયું છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ભાગવતમાં મુખ્ય કથા છે નંદ મહોત્સવની, તેના શ્લોક પણ અઢાર છે, ગીતાજીમાં કુલ અધ્યાય અઢાર છે અને સ્થિત પ્રજ્ઞનાં લક્ષણોના શ્લોકો પણ અઢાર છે, ભાગવત નારાયણનું સ્વરૂપ છે, ભગવાન ગોલોક પધાર્યા ત્યારે પોતાનું તેજ સ્વરૂપ આ ગ્રંથમાં પધરાવ્યું તેમ એકાદશ સ્કંધમાં લખ્યું છે તેથી ભાગવત છે તે ભગવાનની સાક્ષાત શબ્દમયી મૂર્તિ, ઉદ્ધવજીએ ભગવાનને પૂછેલું કે, આપના સ્વધામગમન પછી આ પૃથ્વી ઉપર અધર્મ વધશે.**

આજે આપણે દિવાળી નવા વર્ષની સાફ સફાઈ કરતાં કરતાં ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરીએ તો આ ભાગવતી કથા અતિ દિવ્ય છે. આ કથા જે પ્રેમથી શ્રવણ કરશે તેના કાનદ્વારા પરમાત્મા હૃદયમાં આવશે.નેત્ર અને શ્રોત્રને જે પવિત્ર રાખેછે તેના હૃદયમાં પરમાત્મા આવે છે, ભગવાન શ્રીકૃષ્ણ કાન દ્વારા, આંખ દ્વારા મનમાં આવે છે. વારંવાર શ્રીકૃષ્ણ કથા સાંભળવા થી શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે છે. આંખ અને કાન એ ભગવાનને હૃદયમાં દાખલ કરવાના દેહના બે દરવાજા-સાધન છે. માટે આંખ અને કાન બંને પવિત્ર રાખો. ત્યાં શ્રીકૃષ્ણને પધરાવો. દરેક સત્કર્મ ના આરંભમાં શાંતિ પાઠ કરવામાં આવે છે. તેનો મંત્ર છે કે હે દેવ! કાનો વડે અમે ભદ્ર વચનો સાંભળીએ! કાન અને આંખ પવિત્ર થાય પછી સત્કાર્યનો આરંભ થાય. ગોર મહારાજ આંખે કાને પાણી અડાડવાનું કહે છે તેનું આ રહસ્ય છે. અહીં પણ નેત્ર શ્રોત્રને પવિત્ર કર્યા પછી કથાનો આરંભ થયો છે. માયા મનને ચંચળ બનાવે છે. માયા મનુષ્યને સમજાવે છે કે,સ્ત્રી વગેરે માં જ સુખ છે.મનુષ્યને માયા હરાવે છે. મનુષ્યની હાર થાય છે, માયાની જીત થાય છે. કારણ મનુષ્ય ભગવાનનો પાલવ પકડતો નથી.કથા ભજનમાં ઈશ્વરનો પ્રેમથી જયજયકાર કરવો. માયાની હાર થાય અને મારી જીત થાય. પ્રભુનો જયજય કાર કરો, તો તમારો પણ જય - જીત થશે. શુદ્ધ ઈન્દ્રિયમાં જ પરમાત્માનો પ્રકાશ થાય છે, આથી ઈન્દ્રિયોને શુદ્ધ કરો અને શુદ્ધ રાખો, કાળ બગડયો નથી. આપણું કાળજું બગડયું છે. આ ભાગવત ગ્રંથમાં અઢાર હજાર શ્લોક છે. અઢાર એટલે ૧ ૮=૯. અઢારની સંખ્યા પરિ પૂર્ણ છે. રામ પરિપૂર્ણ છે તેથી નવમીને દિવસે પ્રગટ થયા છે. શ્રીકૃષ્ણ નવમીએ ગોકુળ આવ્યા ત્યારે નંદમહોત્સવ કરવામાં આવે છે.રામજીની બાર કળા અને શ્રીકૃષ્ણની સોળ કળા એવો એ બેઉમાં ભેદ કરશો નહીં. ભાગવતમાં મુખ્ય કથા છે નંદ મહોત્સવની. તેના શ્લોક પણ અઢાર



છે.ગીતાજીમાં કુલ અધ્યાય અઢાર છે અને સ્થિત પ્રજ્ઞનાં લક્ષણોના શ્લોકો પણ અઢાર છે. ભાગવત નારાયણનું સ્વરૂપ છે. ભગવાન ગોલોક પધાર્યા ત્યારે પોતાનું તેજ સ્વરૂપ આ ગ્રંથમાં પધરાવ્યું તેમ એકાદશ સ્કંધમાં લખ્યું છે તેથી ભાગવત છે તે ભગવાનની સાક્ષાત શબ્દમયી મૂર્તિ. ઉદ્ધવજીએ ભગવાનને પૂછેલું કે, આપના સ્વધામગમન પછી આ પૃથ્વી ઉપર અધર્મ વધશે, ત્યારે ધર્મ કોને શરણે જશે? ભગવાને ત્યારે કહ્યું છે કે મારા ભાગવતનો આશ્રય લેશે તેના ઘરમાં કળિ આવશે નહીં. ભાગવત ભગવાનનું નામ સ્વરૂપ છે. નામસ્વરૂપથી મન શદ્ધ થયા પછી સ્વરૂપ સેવાનો અધિકાર મળે છે. મનના મેલને દૂર કરવાનું સાધન આ ભાગવતશાસ્ત્ર છે. કથા સાંભળ્યા પછી પાપ કરવાનું ચાલુ રાખશો તો યમદૂતો તરફથી બે ફટકા વધારે પડશે. આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં મે વાચેલી ગમેલી વાત દિવાળી પૂર્વે અહીં સૌના ચિંતાનાર્થે રજુ કરું છું. એક દંપતી દિવાળીની ખરીદી કરવા જઈ રહ્યું હતું પતિએ કહ્યું જલ્દી કર મારી પાસે ટાઈમ નથી એટલું કહીને બેડરૂમમાંથી બહાર નીકળી ગયો ત્યારે બહાર બેઠેલી તેની માતા ઉપર તેની નજર ગઈ..! કંઈક વિચાર કરીને પાછો રૂમમાં આવ્યો અને તેની પત્નીને કીધુ કે બીનું તે માને પૂછ્યું તેમને કંઈ દિવાળી ઉપર લેવું હોય તો..! બીના કહે નથી પૂછ્યું અને આ ઉંમરમાં એમને લેવાનું પણ શું હોય બે ટાઈમ ખાવાનું અને બે જોડી કપડાં મળે એટલે બહુ થઈ ગયું....! એ વાત નથી બીનું મા પહેલી વાર દિવાળી ઉપર આપણા ઘરે આવી છે નહી તો દરેક વખતે ગામમાં જ નાના ભાઈ પાસે હોય છે..! અરે એટલો બધો પ્રેમ ‘‘મા’’ ઉપર ઉભરાય છે તો ખુદ જઈને પૂછી લો ને ...? આટલું કહીને બીના ખભ્ભે બેગ લગાવીને બહાર નીકળી ગઈ...! આકાશે માની પાસે જઈને કહ્યું કે મા અમે દિવાળીની ખરીદી કરવા જઈએ છીએ તારે કંઈ મંગાવવું છે...? મા કહે મારે કંઈ નથી જોઈતું બેટા....! વિચારી લો ‘મા’ અગર કંઈ લેવું હોય તો કહી દેજો..! આકાશે બહુ જોર દઈને કીધું એટલે મા કહે ઉભો રહે બેટા હું લખીને આપુ છું તમે ખરીદીમાં ભૂલીનો જાવ એટલે, એટલું કહીને માં અંદર ગઈ થોડીવાર પછી આવી લિસ્ટ આકાશને આપી દીધુ..! આકાશ ગાડીમાં બેસતા બેસતા કહ્યું જોયું બીના માને પણ કંઈ લેવું હતું પણ કહેતી નહોતી મે જોર દીધું પછી લિસ્ટ બનાવીને આપ્યું માણસને રોટી કપડાં સિવાય બીજી કોઈ ચીજની પણ જરૂર હોય છે...! ઠીક છે બીના કહે પહેલા હું મારી દરેક વસ્તુ ખરીદી લઉં પછી તમારી માએ આપેલ લિસ્ટ જોયે રાખજો...!બધી ખરીદી કરી લીધા પ છી બીના કહે હું એસી ચાલુ કરીને ગાડીમાં બેઠી છું તમે તમારી’’મા’’ની લિસ્ટની ખરીદી કરીને આવજો.! અરે બીના ઘડીક રહે મારે પણ ઉતાવળ છે,’’મા’’ના લિસ્ટ ની ખરીદી કરીને સાથે જ જઈએ...! આકાશે ખીચામાંથી ચિઠી કાઢી જોઈનેજ બીના કહે બાપ રે આટલું લાંબુ લિસ્ટ...! બીના કહે ખબર નહિ શુ શું મંગાવ્યું હશે જરૂર એમના ગામ માં રહે તે નાના દીકરાના પરિવાર માટે ઘણો બધો સામાન મંગાવ્યો હશે બીના ગુસ્સામાંને ગુસ્સામાં આકાહ સામે જોયું...! પણ આ શું આકાશની આંખમાં આંસુ હતા અને આખું શરીર ધ્રુજી રહ્યું હતું લિસ્ટની ચિઠી વાળો હાથ પણ ધ્રુજી રહ્યો હતો...! બીના બહુ જ ગભરાઈ ગઈ શું મંગાવ્યું છે તમારી માએ કહીને ચિઠી હાથમાંથી ઝૂંટવી લીધી..! હેરાન હતી બીના કે આટલી મોટી ચિઠીમાં થોડાજ શબ્દો લખ્યા હતા..! ચિઠીમાં લખ્યું હતું.. બેટા મને દીવાળી પર તો શું, પણ કોઈપણ અવસર પર કંઈ નથી જોઈતું પરંતુ તું જીદ કરે છે. એટલે તારા શહેરની કોઈ દુકાનેથી અગર થોડો ટાઈમ મારા માટે મળતો હોય તો લેતો આવજે હું તો હવે એક આથમતી સાંજ છું બેટા, ક્યારેક મને એકલા એકલા આ અંધકારમય જીવનથી ડર લાગે છે પલ પલ હું મોતની નજીક જતી જાઉં છું હું જાણું છું બેટા મોતને બદલી શકાતું નથી કે પાછું ઠેલાતું નથી,મોતએ એક પરમ સત્ય છે પણ બેટા આ એકલાપણું મને ડરાવે છે, મને ગભરામણ થાય છે. થોડો સમય મારી પાસે બેસ,બેટા થોડા સમય માટે પણ મારાબુઢાપા નું એકલાપણું દૂર થઈ જશે..! કેટલા વર્ષ થયાં બેટા મે તને સ્પર્શ પણ નથી કર્યો એક વાર આવ બેટા મારી ગોદમાં માથું રાખીને સુઈ જા હું તારા માથામાં મમતા ભર્યો હાથ ફેરવું શું ખબર બેટા હું આવતી દિવાળી સુધી રહું કે નો રહું! ચિઠીની છેલ્લી લીટી વાંચતા વાંચતા બીના પણ રડવા લાગી.! ‘‘મા’’આવી હોય છે...! વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત માબાપ પરિવારની ભાવના સમજો. સુખ શાંતિ સમૃદ્ધિ તમારી તરફ ખેંચાઈને આવશે. વાત સમજાય તો ધન્યવાદ બાકી વંદે માતરમ્.. અસ્તુ.

**શાંતા તેલનો શીશો લઈ અને સાંજના વાળુ માટે શાક કરવાનું વિચારતી હતી, અને જોયું તો એમાં સાવ તળીયે તેલ હતું**

# ગરીબોને વળી દિવાળી શું ને હોળી શું? પણ આ કશ્મકશ એમનાં સંતાનો ક્યાં સમજે છે!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વાત જાણે એમ હતી કે શાંતા એક વિધવા હતી, અને રામુ તેનો એકનો એક દીકરો હતો. એનો ધણી એટલે શિવાજી જીવતો હોત તો જીવન કંઈક જુદું જ હોત, એમ તો આટલાં ખરાબ દિવસ ન હોત!! શિવાજી એક કાપડની મિલમાં કામ કરતો હતો અને શાંતા સાથે તેના લગ્ન થયાં, પ્રમાણમાં ખાતેપીતે સુખી એવું ઘર હતું.**

સામાન્ય આવક ધરાવતાં લોકોને આ મોંઘવારીમાં બે છેડા ભેગા કરવા એ બહુ મુશ્કેલ છે, અને શ્રમજીવીઓનાં જીવન તો દિવસે દહાડે બહુ બધી સમસ્યાઓથી ઘેરાતાં જાય છે. એમાં પાછાં તહેવાર આવે! અને જો ઘરમાં નાના છોકરાઓ હોય તો સમજે પણ નહીં, અને આસપાસમાં કે પોતાના હમ ઉમ્રનું જોઈ જીદ પણ કરે! ત્યારે ખરેખર એ મા બાપને એમ થાય કે આ તહેવાર શું કામ આવ્યા? કારણકે ગરીબોને વળી દિવાળી શું? એમને તો કાયમ પુરું કેમ થશે એની હોળી જ હોય અથવા તો દીવાળી કે મજબૂરી??. શાંતા તેલનો શીશો લઈ અને સાંજના વાળુ માટે શાક કરવાનું વિચારતી હતી, અને જોયું તો એમાં સાવ તળીયે તેલ હતું. એટલી જ વારમાં રામુ દોડતો દોડતો ઝૂપડીમાં આવ્યો અને બોલ્યો મા બધે જ દિવાળીના દીવડાઓ પ્રગટે છે, આપણે પણ એક દીવો કરવો છે! શાંતા પોતાના નાનકડા દીકરાને કેમ સમજાવે કે, ગરીબ ને વળી દિવાળી શું ને હોળી શું!! એને તો નસીબ જ ફૂટેલા હોય, જે મળે તે ખાઈને જીવન ગુજારો કરવાનો હોય! વાત જાણે એમ હતી કે શાંતા એક વિધવા હતી, અને રામુ તેનો એકનો એક દીકરો હતો. એનો ધણી એટલે શિવાજી જીવતો હોત તો જીવન કંઈક જુદું જ હોત, એમ તો આટલાં ખરાબ દિવસ ન હોત !! શિવાજી એક કાપડની મિલમાં કામ કરતો હતો અને શાંતા સાથે તેના લગ્ન થયાં, પ્રમાણમાં ખાતેપ ીતે સુખી એવું ઘર હતું, અને સાસુ-સસરા પણ સારા હતાં, એટલે શાંતાને કોઈ તકલીફ ન્હોતી. પરંતુ લગ્નનાં પાંચ વર્ષ બાદ માંડ સારા દિવસો રહ્યાં, અને એક દિવસ મેલમાં કોઈ એક્સિડન્ટમાં શિવાજીને શોટ લાગતા તેનું ઘટના સ્થળે



જ મૃત્યુ થયું. મીલમાંથી અમુક રૂપિયા મળ્યાં, વિમાના પણ અમુક મળ્યા, પરંતુ આવનાર બાળક અને તેની મા બંને અપશુકનિયાળ છે, એવી સમાજમાં વાતો થવા લાગી અને સાસુ-સસરાએ શાંતા ને ઘરમાંથી કાઢી મૂકી. શાંતા દેખાવે પ્રમાણમાં સુંદર કહી શકાય એવી હતી, એટલે આ સમાજમાં એકલી સ્ત્રીને રહેવું બહુ કઠિન હતું. સમાજના ભૂખ્યા વરુ જેવા લોકોની નજરમાંથી એ કેમ બચી શકે અને એવી એકાદ બે ઘટના ઘટી પણ ખરી, એને પોતાની ઈજ્જત બચાવવી મુશ્કેલ લાગતું હતું. ત્યાં તેને રમેશે કહ્યું આ સંસારમાં તું આ રીતે સુરક્ષિત રહી શકે એમ નથી, હું જે ઝૂંપડપટ્ટી માં રહું છું ત્યાં આવી જા, કોઈ તારું નામ નહીં લે! કારણ રમેશ આ શહેરનો ડોન કહેવાતો હતો, અને તેની વસ્તી તરફ કોઈ બુરી નજર નાખે એનું મોત પાક્કું. આમ શાંતા આ ઝૂંપડપ ટ્ટીનો હિસ્સો બની અહીં જ રામુનો જન્મ થયો, અને મંદિરના ઓટલે બેસી એ ભીખ માંગતી હતી,રમેશ ગુંડો હતો, અને એને શાંતા પસંદ હતી, પણ એ તેની મરજી વગર હાથ પણ અડકાડશે નહીં એવું એણે વચન આપ્યું હતું. પરંતુ સ્વમાની શાંતા ને પોતાના ચરિત્રના ભોગે કોઈ વાત મંજૂર નહોતી,કારણ કે રમેશ શાદીસુદા હતો, અને શાંતા રખાત બનવા માંગતી નહોતી, તેમજ રમેશ છૂટાછેડા આપે એ પણ તેને મંજૂર નહોતું,કારણ વગર કારણે તેને દંડ શું કામ મળે! એ રમેશની રહેમ પર જીવવા પણ માંગતી ન હતી એટલે એની પાસેથી રુપિયા પણ લેતી ન્હોતી. આજે દિવાળીની રાત હતી અને બધે જ રોશની, તથા દીવડા ઝગમગ થતા હતાં. નાનકડા એવા રામુને પણ એમ હતું કે, તેની ઝૂંપડીની બહાર પણ દિવા પ્રગટે, તો કેટલું સુંદર લાગે, અને તેણે તેની મા શાન્તાને કહ્યું, કે મા આપણે પણ દીવો પ્રગટાવો છે? શાંતા જાણતી હતી કે એ શક્ય બને તેમ નથી, એટલે તેની વાત ટાળતા કહ્યું કે, આપણી પાસે તો કોડિયા પણ નથી!! અને રામુ દોડતો શેરીને નાકે બેઠેલાં મનજી પાસે પહોંચી ગયો, મનજી એક કુંભાર હતો, અને બજાર તરફ જતી ગલીના નાકે બેસીને કોડિયા વેચતો હતો. રામુએ મનજી ને કહ્યું કે મારે ઘરે દિવાળીનો દીવડો પ્રગટાવો છે, એક કોડિયું આપોને કાકા!! અને મનજીએ તરત જ એક કોડિયું આપી દીધું હતું. શાંતા એ ટાળવા માટે કહ્યું હતું કે કોડિયું નથી,પણ રામુ તો તરત જ દોડીને આવ્યો, અને કહ્યું કે મા લે હવે કોડીયું લઈ આવ્યો છું, હવે આપણે પણ દીવડો કરવો છે ને? શાંતા વિચારતી હતી કે ભગવાન કોણ જાણે કેટલી પરીક્ષા લેશે! અને શાંતા એ દિવસે તેલ વગરનું શાક કરીને પણ દીકરાનું મન રાખવા દીવડો કર્યો. રાત્રે સૂતી વખતે શાંતા વિચારતી હતી, કે આમ ક્યાં સુધી ચાલશે? છેવટે દીકરાનાં ભવિષ્ય માટે પણ મારે કંઈક સમાધાન કરવું પડશે! ભલેને પછી નામ આગળ એક લેબલ લાગે, જેમ કે તેના નામ આગળ રમેશની રખાત..... આમ જ એક સ્ત્રીની મજબૂરી કે મમતા તેને ચૂક કરાવે, પણ સમાજ ને એ ક્યાં દેખાય છે !!! બિચારી શાંતા...ધનવાન અને આપણી જેવા હાયર મીડલ ક્લાસ લોકોમાં દિવાળીમાં જે રીતે ખરીદી થઈ છે, એ જોઈને એવું લાગે જ નહીં કે મોંઘવારી છે. સમાજ ધીરેધીરે સ્વાર્થ નો કેડો પકડીને ચાલતો થઈ ગયો છે! ત્યારે શું થશે એ સમાજનું ? કોણ રામ બનીને આવશે? કોણ શાંતા જેવી નિઃસહાયની સહાય કરશે? કોણ રામુના મનમાં ચાલતા અસંખ્ય પ્રશ્નોના જવાબ આપશે? કેમ શિવાજીના માતા પિતા સામે આંગળી ન ચીંધી! એકવીસમી સદીમાં પણ શુકન અપશુકન? અને ક્યાં સુધી સ્ત્રી જ આવાં દંડનો ભોગ બનશે? વિચારો.. વિચારો.. કહેવાતા બૌદ્ધિકો! શું શાંતાના રખાતના નિર્ણય માટે સામાજિક અવ્યવસ્થા જવાબદાર નથી? કોને સલામ કરીશું એની ખુદારી ને! કે એની સમજદારી ને? રમેશ પણ સલામ કરવાનું મન થાય એવો ! ત્રેતાનાં રાવણની યાદ અપાવી ગયો! પણ વાત અહીં શાંતાની છે! કોઈ સ્ત્રીને દરેક વખતે ચરિત્રહીનનું મહેણું મારતા પહેલાં વિચારજો કે ક્યાંક કોઈ મજબૂરી તો નહીં રહી હોય ને?

### હેન્ડસમ હિરો અને અભિનેત્રીની જોડી ચાહકોને છે પસંદ

# BB18ના ઘરમાં શરૂ થઈ રહી છે લવસ્ટોરી

## આ પહેલા પણ બિગ બોસના ઘરમાંથી કેટલીક એવી જોડી બની ચૂકી છે

સલમાન ખાનના ધમાકેદાર શો બિગ બોસ ૧૮માં ધીમે ધીમે લવ સ્ટોરીની શરુઆત થઈ રહી છે. આ પહેલા પણ બિગ બોસના ઘરમાંથી કેટલીક એવી જોડી બની ચૂકી છે. જેમણે બહારની દુનિયામાં આવી લગ્ન કરી લીધા છે. આ પહેલા પણ બિગ બોસના ઘરમાંથી કેટલીક એવી જોડી બની ચૂકી છે, જેમણે બહારની દુનિયામાં આવી લગ્ન કરી લીધા છે સલમાન ખાનનો ધમાકેદાર શો બિગ બોસ ૧૮ ચાહકોને પસંદ આવી રહ્યો છે. બિગ બોસ ૧૮માં કેટલાક સ્પર્ધકો ચાહકોને ખુબ પસંદ આવી રહ્યા છે, તો કેટલાક એવા પણ સ્પર્ધક છે. જેનાથી ચાહકો ગુસ્સે થઈ રહ્યા છે. આજે આપણે બિગ બોસ ૧૮માં બની રહેલી નવી જોડી વિશે વાત કરીએ.અત્યારસુધી ઘરના સભ્યો ચાહત પાંડે અને કરણ વીરનું નામ લઈ રહ્યા હતા. પરંતુ હવે ઘરમાં વધુ એક જોડી બનતી જોવા મળી રહી છે. આ જોડી ઈશા અને અવિનાશ મિશ્રાની છે. અત્યાર સુધી એક ફ્રેન્ડ તરીકે બંન્ને ની મિત્રતા જોવા મળી રહી છે. જેમ જેમ બિગ બોસ ૧૮માં સમય પસાર થઈ રહ્યો છે. અવિનાશ અને ઈશા નજીક આવી રહ્યા છે. બિગ બોસ ૧૮ની લાઈવ ફીડમાં કરણ વીર મહેરા, અરફીન ખાન, સારા અને શિલ્પા શિરોડકર સાથે વાત કરતા જોવા મળી રહ્યા છે કે, મને લાગે છે આને પ્રેમ થઈ ગયો છે.તમને જણાવી દઈએ કે, બિગ બોસ ૧૮માં ઈશા સિંહ અને અવિના મિશ્રાનું બોન્ડિગ ખુબ સુંદર જોવા મળી રહ્યું છે. હંમેશા ઈશા સિંહ અવિશાન મિશ્રાનો ખ્યાલ રાખતી જોવા મળી રહી છે. ઈશા સિંહને લઈ એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, તે શાલીન ભનોટને ડેટ કરી રહી છે. પરંતુ આના પર કોઈ સત્તાવાર કાંઈ કહી શકાય નહિ. બિગ બોસ ૧૮માં ટીવી અભિનેત્રી ઈશા સિંહ, એલિસ કૌશિક અને અવિનાશ મિશ્રાની ફ્રેન્ડશીપના વખાણ પણ થઈ રહ્યા છે. ચાહકોને પણ આ ત્રિપુટી ખુબ પસંદ આવી રહી છે.






### પતિથી છૂટાછેડા લીધા અને હવે એક્સ મંગેતરને કરી રહી છે ડેટ

# સલમાનની એક્સ ભાભીને ફરી થયો પ્રેમ

સોહેલ ખાનથી અલગ થયા બાદ સીમા સજદેહના જીવનમાં અન્ય વ્યક્તિની એન્ટ્રી થઈ છે. સીમાએ પોતે આ વાતનો ખુલાસો કર્યો છે. સીમા સજદેહ હાલમાં જ શો 'ફેબ્યુલસ લાઈવ્સ ઑફ બોલિવૂડ વાઈવ્સ'માં જોવા મળી હતી. આ શો દરમિયાન તેણે લગ્ન, છૂટાછેડા અને તે પછીના જીવનમાં આગળ વધવા વિશે ખુલીને વાત કરી હતી. સીમા ઉપરાંત મહિપ કપૂર, ભાવના પાંડે અને નીલમ કોઠારી પણ 'ફેબ્યુલસ લાઈવ્સ ઑફ બોલિવૂડ વાઈવ્સ'માં જોવા મળી છે. આ બધાએ શો દરમિયાન તેમના જીવનના રહસ્યો જાહેર કર્યા હતા.સીમા સજદેહે સિઝન ૩ના છેલ્લા એપિસોડમાં જણાવ્યું હતું કે, તે હવે જીવનમાં આગળ વધી ગઈ છે અને વિક્રમ આહુજા નામના વ્યક્તિને ડેટ કરી રહી છે. સીમાએ તેના નજીકના મિત્રોને પણ વિક્રમ વિશે જણાવ્યું છે અને તેમનો પરિચય પણ કરાવ્યો છે. તેણે એ પણ જણાવ્યું કે, સોહેલ ખાન સાથે લગ્ન કરતા પહેલા સીમાએ વિક્રમ સાથે સગાઈ કરી હતી. જોકે, બાદમાં તેને સોહેલ સાથે પ્રેમ થયો અને તેની સાથે લગ્ન કર્યા.સોહેલ ખાન અને સીમા સજદેહ વચ્ચેનો સંબંધ લગભગ ૨૪ વર્ષ સુધી ચાલ્યો. બંનેએ વર્ષ ૧૯૯૮માં લગ્ન કર્યા હતા. બંને એકબીજાના પ્રેમમાં પડ્યાં, ત્યારપછી તેઓએ સંબંધને આગળ વધાર્યો અને લગ્ન કરવાનો નિર્ણય લીધો. તે સમયે બંને ખૂબ નાના હતા. જોકે, વર્ષ ૨૦૨૨માં સોહેલ અને સીમાએ છૂટાછેડા લેવાનું નક્કી કર્યુ. આ પહેલા બંને એક વર્ષ સુધી એકબીજાથી અલગ રહેતા હતા. સીમા અને સોહેલને બે બાળકો છે, યોહાન અને નિર્વાણના પેરેન્ટ્સ છે. તેમના સંબંધોનો અંત આવ્યો હોવા છતાં, સીમા અને સોહેલ હજી પણ તેમના બંને દીકરાની સાથે મળીને સંભાળ રાખે છે. નિર્વાણ ૨૩ વર્ષનો છે અને યોહાન તેના કરતા નાનો છે. વિક્રમ આહુજા સાથે સીમા સજદેહની સગાઈ થઈ હતી, પરંતુ તેણે ભાગીને સોહેલ ખાન સાથે લગ્ન કર્યા હતા, સલમાન ખાન અને તેનો પરિવાર છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છવાયેલો છે. સલમાનના મોટાભાઈ અરબાઝ ખાને મલાઈકા સાથે છૂટાછેડા પછી શૂરા ખાન સાથે લગ્ન કરી લીધાં છે. અરબાઝ અને મલાઈકા પોત-પોતાના સંસારમાં પરોવાઈ ગયાં છે ત્યારે સલમાનના અન્ય ભાઈ સોહેલ ખાનની પત્ની સીમા સજદેહને પણ નવો સાથીદાર મળી ગયો છે. અરબાઝ ખાન સાથે ભાગીને લગ્ન કરવા સીમાએ ૨૪ વર્ષ પહેલાં જે યુવકને તરછોડ્યો હતો, તેની જ સાથે ડેટિંગ શરૂ કર્યું છે. સોહેલની પૂર્વ પત્ની ઉપરાંત ફેશન ડિઝાઈનર તરીકે ઓળખ ધરાવતી ૪૭ વર્ષીય સીમા સજદેહ અને બિઝનેસમેન વિક્રમ આહુજા ડેટિંગ કરી રહ્યા છે.



### બંનેના ઘરે લગ્નની વિધિઓ શરૂ થઈ ગઈ છે

# નાગા ચૈતન્ય અને શોભિતાના લગ્નની વિધિઓ શરૂ થઈ ગઈ



હવે, લગ્ન પૂર્વેના તહેવારો શરૂ થઈ ગયા છે. શોભિતા ધુલીપાલાએ તેના સોશિયલ મીડિયા પર સમારંભની તસવીરો શેર કરી હતી. તે તેના પરંપરાગત પોશાકમાં હંમેશાની જેમ ખૂબસૂરત દેખાતી હતી. શોભિતા ધુલીપાલાએ ગોધુમા રાય પાસુપુ દાનચતમ સમારોહ સાથે લગ્નના ઉત્સવની શરૂઆત કરી. તેલુગુ લગ્નોમાં સમારોહ એક મહત્વપૂર્ણ વિધિ છે. કન્યાએ હળદરને કચડી નાખવાનું માનવામાં આવે છે જેનો ઉપયોગ વધુ ધાર્મિક વિધિઓ માટે કરવામાં આવશે.

શોભિતા ધુલીપાલા વડીલોના આશીર્વાદ માંગે છે. તેણી સૌથી બોલ્ડ દિવાઓમાંની એક છે પરંતુ તેણી તેના મૂળ અને સંસ્કૃતિ સાથે જોડાયેલી સાચી ભારતીય છે. સુખી કન્યા ખુશનુમા ચિત્ર બનાવે છે. શોભિતા ચહેરા પરની ચમક એ વાતનો પુરાવો છે કે અભિનેત્રી તેના જીવનના આ તબક્કે કેટલી ખુશ છે. તે ચોક્કસપણે એક ખૂબસૂરત દિવા વર માટે બનાવશે. શોભિતા ધુલીપાલા અને નાગા ચૈતન્યના લગ્નની તસવીરો જોવા માટે ચાહકો રાહ જોઈ શકતા નથી.





કોઈ પણ લગ્ન પ્રસંગ મિત્રો અને પિતરાઈ ભાઈઓ વિના પૂર્ણ થતો નથી. આ રહી સુંદર કન્યા સોભિતા ધુલીપાલાએ તેના નજીકના લોકો સાથે આનંદની ક્ષણો વિતાવી. અહીં શોભિતા ધુલીપાલા વડીલોના આશીર્વાદ માંગે છે. તેણી સૌથી બોલ્ડ દિવાઓમાંની એક છે પરંતુ તેણી તેના મૂળ અને સંસ્કૃતિ સાથે જોડાયેલી સાચી ભારતીય છે.

**તેમની લગ્નની તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી, ચાહકો વધુ વિગતો જાણવા માટે રાહ જોઈ રહ્યા છે**





હવે, લગ્ન પૂર્વેના તહેવારો શરૂ થઈ ગયા છે. શોભિતા ધુલીપાલાએ તેના સોશિયલ મીડિયા પર સમારંભની તસવીરો શેર કરી હતી. તે તેના પરંપરાગત પોશાકમાં હંમેશાની જેમ ખૂબસૂરત દેખાતી હતી. શોભિતા ધુલીપાલાએ ગોધુમા રાય પાસુપુ દાનચતમ સમારોહ સાથે લગ્નના ઉત્સવની શરૂઆત કરી. તેલુગુ લગ્નોમાં સમારોહ એક મહત્વપૂર્ણ વિધિ છે. કન્યાએ હળદરને કચડી નાખવાનું માનવામાં આવે છે જેનો ઉપયોગ વધુ ધાર્મિક વિધિઓ માટે કરવામાં આવશે. નાગા ચૈતન્ય, શોભિતા ધુલીપાલા લગ્ન પહેલાની વિધિઓ શરૂ થઈ, દિવાએ સમારંભની અદભૂત તસવીરો શેર કરી, નાગા ચૈતન્ય અને શોભિતા ધુલીપાલા જલ્દી જ મિસ્ટર એન્ડ મિસિસ બનવા જઈ રહ્યા છે. તેમના લગ્ન પહેલાના તહેવારો શરૂ થઈ ગયા છે. સામંથા રૂથ પ્રભુ સાથે છૂટાછેડા પછી, જ નાગા ચૈતન્ય શોભિતા ધૂલીપાલા સાથે પ્રેમમાં પડ્યો. જો કે દંપતીએ તેમના અફેરને છૂપાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ સંબંધ ગપસપ મિલોમાં પરિણમ્યો હતો. ઓગસ્ટમાં, મિત્રો અને પરિવારજનોની હાજરીમાં તેમની સગાઈ થઈ હોવાથી દંપતીએ આ બધું સત્તાવાર કરી દીધું હતું.



### મિત્રો કરતાં ભાઈઓ જેવા વધુ છે, તો સંજયે સલમાનની ભેટ કેમ નકારી કાઢી?

# ભેટમાં આપેલી BMW M5 કારની ચાવી દરિયામાં ફેંકી હતી

સલમાન ખાન અને સંજય દત્ત ખૂબ જ મજબૂત બોન્ડ શેર કરે છે. તેઓ મિત્રો કરતાં ભાઈઓ જેવા વધુ છે. તો પછી સંજયે સલમાન ખાનની ભેટ કેમ નકારી કાઢી? ઉદ્યોગમાં કેટલાક બોન્ડ્સ એવા છે જે જીવન માટે હોય છે. ગર્લ ગેંગ અને બોલિવૂડની પત્નીઓ ચોર જેવી જાડી છે. પરંતુ કેટલીક પુરૂષ મિત્રતાઓ છે જેના વિશે હંમેશા બોલવામાં આવે છે. સંજય દત્ત અને સલમાન ખાનની મિત્રતાની હંમેશા વાત કરવામાં આવે છે. તેઓ જે બોન્ડ શેર કરે છે તે ભાઈઓ જેવા વધુ છે. તેઓ હંમેશા એકબીજાની પડખે ઉભા રહ્યા છે. પરંતુ એકવાર સંજય દત્તે સલમાન ખાને ભેટમાં આપેલી કારની ચાવી દરિયામાં ફેંકી દીધી હતી. આવું કેમ? આગળ વાંચો. રજત શર્મા સાથે તેના શો આપ કી અદાલતમાં ચેટ દરમિયાન, સલમાન ખાને સંજય દત્ત સાથેનો એપિસોડ યાદ કર્યો હતો . તેણે ખુલાસો કર્યો કે જ્યારે સોહેલ ખાન વર્ષ ૨૦૦૨માં ફિલ્મ મૈંને દિલ તુઝકો દિયાનું દિગ્દર્શન કરી રહ્યો હતો ત્યારે તેણે સંજય દત્તને સ્પેશિયલ અપિયરન્સ માટે સંપર્ક કર્યો હતો. સ્ક્રિપ્ટ વાંચ્યા વિના પણ, મુન્નાભાઈ એમબીબીએસ અભિનેતાએ હકારાત્મક હકાર આપ્યો. ફિલ્મ પૂરી થયા પછી, સંજય દત્ત સલમાન ખાનના ઘરે પાર્ટી માટે દેખાયો. અભિનેતાએ ખુલાસો કર્યો કે તે તે જ દિવસે હતો જ્યારે તેને તેની આકર્ષક કાર BMW M5 ની ડિલિવરી મળી હતી. તો સલમાન ખાને સંજય દત્તને ચાવી આપી અને કહ્યું કે તે ઈચ્છે છે કે તે કાર રાખે. જોકે શરૂઆતમાં સંજય દત્તે કાર માટે સલમાન ખાનનો આભાર માન્યો હતો, જો કે પછી તેણે ચાવી દરિયામાં ફેંકી દીધી હતી. સલમાને ખુલાસો કર્યો હતો કે સંજય દત્તે તેને પોતાના ભાઈ માનીને કરેલા કૃત્ય માટે તેને ઠપકો આપ્યો હતો. જો કે પછી જે બન્યું તે આનંદી છે! સલમાન ખાને ખુલાસો કર્યો હતો કે જ્યારે સંજય દત્તે ચાવી દરિયામાં ફેંકી હતી ત્યારે તે ભારે ભરતી હતી. અને તેની પાસે તે એકમાત્ર ચાવી હતી. તેથી ચાવી શોધવામાં ચાર દિવસ લાગ્યા. બોલિવૂડ સ્ટાર્સના જીવનના આવા કિસ્સાઓ હંમેશા મનોરંજનના સમાચારોમાં હેડલાઈન્સ બનાવે છે. સલમાન ખાન હાલમાં તેની ફિલ્મ સિકંદર અને ટીવી રિયાલિટી શો બિગ બોસ ૧૮ માટે શૂટિંગ કરી રહ્યો છે. તે શોનો હોસ્ટ છે અને વીકએન્ડ કા વારમાં દેખાય છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ છતાં પણ સલમાન ખાન પોતાનું કામ ચાલુ રાખે છે.



### પત્નીએ નાણાંનું સંચાલન કર્યું, ૧૫ મિનિટ માટે ૪ કરોડ રૂપિયા ચાર્જ કર્યા

# અભિનેતા ડિપ્રેશન અને આલ્કોહોલની લત સામે લડ્યા

કલાકારો પાસે તેમના સંઘર્ષની વાર્તાઓ છે. અહીં એક સ્ટાર કિડની વાર્તા છે જે શરૂઆતના દિવસોમાં વધુ સફળતા મેળવી શક્યો ન હતો અને તે દારૂની લત તરફ દોરી ગયો. સફળતાને સંભાળવી સરળ નથી અને નિષ્ફળતા પણ નથી. દરેક જણ એક જ વારમાં બધું સંતુલિત કરવામાં સક્ષમ નથી. અભિનેતાની સફરના તેના તબક્કા હોય છે. તે એક રોલર-કોસ્ટર રાઈડ છે જેમાં સફળતાઓ અને નિષ્ફળતાઓ તેનો એક ભાગ છે. ડિપ્રેશન અને વ્યસનમાં લપસી ગયેલા તારાઓની ઘણી વાર્તાઓ છે કારણ કે તેઓ સફળતા અને નિષ્ફળતા બંનેને સંભાળવામાં અસમર્થ છે. સ્ટારડમને તેમના વર્તણૂકને અસર કરવા દેતા સેલેબ્સ વિશે ઘણી વાર્તાઓ છે. પરંતુ તે પછી મદ્યપાન અને વધુ સામે લડતા સેલેબ્સની પ્રેરણાદાયી વાર્તાઓ પણ છે. આવી જ એક વાર્તા અહીં છે, આ બોલિવૂડ એક્ટર એક સ્ટાર કિડ છે જેણે ફિલ્મી કરિયરની શરૂઆત ધમાકેદાર રીતે કરી હતી. જો કે, યાત્રા અપેક્ષા મુજબ ચાલી ન હતી. તેણે મુશ્કેલ સમયનો સામનો કરવો પડ્યો જ્યારે ફિલ્મો તેના માર્ગે આવી ન હતી અને તેણે દારૂ પીને આરામ કર્યો. તે ફિલ્મોમાંથી ગાયબ થઈ ગયો હતો પરંતુ થોડા વર્ષો પહેલા જ અદભૂત પુનરાગમન કરવા માટે. તે દેઓલ ભાઈઓમાંનો એક છે. અનુમાન લગાવવા માટે કોઈ પોઈન્ટ નથી કારણ કે તે બોબી દેઓલ છે જે હવે મનોરંજનના સમાચાર પર રાજ કરે છે . આજે, તે સૌથી મોટા સ્ટાર્સ અને સૌથી જાણીતા સ્ટાર્સમાંના એક છે. ધર્મેન્દ્રના પુત્ર, બોબી દેઓલે તેની કારકિર્દી બરસાતથી શરૂ કરી અને તે તરત જ હિટ થઈ ગયો. તે બાદલ, ગુપ્ત અને બીજી ઘણી ફિલ્મોમાં દેખાયો જે સફળ રહી. પરંતુ તે પછી એક એવો તબક્કો આવ્યો જેમાં તે કોઈ પણ ફિલ્મમાં ઉતર્યો ન હતો અને તેના કારણે તે દારૂબંધી તરફ દોરી ગયો. કોફી વિથ કરણ પર, બોબી દેઓલે તેના ડાર્ક તબક્કા વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે તેણે હાર માની લીધી અને પોતાની જાત પર દયા કરવા લાગ્યો. તેણે ખૂબ પીવાનું શરૂ કર્યું અને શાપ આપવા લાગ્યો અને પ્રશ્ન કર્યો કે લોકો તેની સાથે કેમ કામ કરશે નહીં. તેણે ઉલ્લેખ કર્યો કે તે નેગેટિવ થઈ ગયો. તે ઘરે બેસી રહેતો અને તેની પત્ની કામ કરતી. બદલાતી ક્ષણ એ હતી જ્યારે તેના પુત્રએ એકવાર કહ્યું કે તે ઘરે બેસે છે જ્યારે માતા કામ પર જાય છે. તેણે ઉમેર્યું, "કંઈક મારામાં ઘૂસી ગયું છે. મેં હમણાં જ કહ્યું, ના હું કરી શકતો નથી! તે એક ધીમી પ્રક્રિયા હતી, જ્યારે હું તેમાંથી બહાર નીકળ્યો, ત્યારે મને ઠીક થવા માટે યોગ્ય માનસિક ફ્રેમમાં આવવામાં સમય લાગ્યો. રાતોરાત ન થાય.વર્ષો પછી, અભિનેતાએ આશ્રમ નામની વેબ સિરીઝ સાથે પુનરાગમન કર્યુ. તે જોરદાર હિટ હતી. તે પછી તે રણબીર કપૂર અભિનીત એનિમલમાં દેખાયો અને ચાહકોએ તેને નકારાત્મક પાત્રમાં પસંદ કર્યો. અબરાર તરીકેનો તેમનો અવતાર હવે આઈકોનિક બની ગયો છે. આ ફિલ્મ માટે તેણે ૪ થી ૫ કરોડ રૂપિયા લીધા હોવાના અહેવાલ છે.



### ૨૭૦માંથી ૧૮૦ ફિલ્મો ફ્લોપ, છતાં તેને સૌથી અમીર સુપરસ્ટાર કહેવામાં આવે છે

# ફ્લોપ અભિનેતાનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા મિથુન ચક્રવર્તીએ તેના પરફોર્મન્સ અને ડાન્સ મૂવ્સથી તેના ચાહકોને વારંવાર પ્રભાવિત કર્યા છે. તેઓ છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી દિલો પર રાજ કરી રહ્યા છે. તેણે પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે અને ૨૫૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. મિથુને કથિત રીતે ૩૦ થી વધુ બેક ટુ બેક ફ્લોપ ફિલ્મો આપી છે. અભિનેતાએ ૨૭૦ ફિલ્મોમાંથી ૧૮૦ સુપરફ્લોપ આપી છે. તે એક એવો સુપરસ્ટાર છે જેણે પોતાના મોહક દેખાવથી સ્ત્રીઓને ઘૂંટણમાં કમજોર બનાવવાનું કામ કર્યું. અભિનેતા એક અદ્ભુત અભિનેતા અને રાજકારણી છે. તેમનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધાયેલું છે કારણ કે તેમણે વર્ષ ૧૯૮૯માં સતત ૧૯ ફિલ્મો કરી હતી. તેમણે મૃગયા સાથે બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો અને આ માટે તેમને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. તે તેની ફિલ્મ ડિસ્કો ડાન્સરની સફળતા સાથે ખ્યાતિ અને ધ્યાન ખેંચવામાં સફળ રહ્યો. ઠીક છે, ૮૦નો દશક મિથુનનો યુગ હતો, પરંતુ બેક ટુ બેક ફ્લોપ ફિલ્મો આપ્યા બાદ તેણે સ્ટારડમ ગુમાવી દીધો હતો. ફ્લોપ ફિલ્મો આપ્યા પછી તેણે આશા અને હિંમત ગુમાવી ન હતી. રિપોર્ટ્સ અનુસાર, મિથુને તેની ફિલ્મોથી ઘણી કમાણી કરી છે. તેમની સંપત્તિ ૧૦૧ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. તેની પાસે ઈનોવા, મર્સિડીઝ બેન્ઝ ઈ ક્લાસ, મર્સિડીઝ, ફોર્ચ્યુનર, ફોક્સવેગન સહિત અનેક કાર છેઅહેવાલ મુજબ ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં મિથુન દાને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તે ૧૯૭૬ થી ભારતીય ફિલ્મ ઉદ્યોગનો એક ભાગ છે અને તેણે ડિસ્કો ડાન્સર, કલંકિની કનકબતી, અન્ય અબિચાર, અગ્નિપથ અને ઘણી વધુ જેવી કેટલીક મુખ્ય હિટ ફિલ્મો આપી છે. તેઓ પદ્મ ભૂષણ, એટલે કે, ત્રીજા ક્રમનું સર્વોચ્ચ નાગરિક સન્માન પણ મેળવનાર છે. તે તાજેતરમાં ધ વિલન, ધ કાશ્મીર ફાઈલ્સ, ધ તાશ્કંદ ફાઈલ્સ, ગોલમાલ અને વધુ જેવી ફિલ્મોમાં જોવા મળ્યો હતો. અહેવાલ મુજબ ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં મિથુન દાને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તે ૧૯૭૬ થી ભારતીય ફિલ્મ ઉદ્યોગનો એક ભાગ છે અને તેણે ડિસ્કો ડાન્સર, કલંકિની કનકબતી, અન્ય અબિચાર, અગ્નિપથ અને ઘણી વધુ જેવી કેટલીક મુખ્ય હિટ ફિલ્મો આપી છે. તેઓ પદ્મ ભૂષણ, એટલે કે, ત્રીજા ક્રમનું સર્વોચ્ચ નાગરિક સન્માન પણ મેળવનાર છે. તે તાજેતરમાં ધ વિલન, ધ કાશ્મીર ફાઈલ્સ, ધ તાશ્કંદ ફાઈલ્સ, ગોલમાલ અને વધુ જેવી ફિલ્મોમાં જોવા મળ્યો હતો. મિથુનની યાત્રા ઘણા લોકો માટે પ્રેરણારૂપ છે કારણ કે તેણે ફિલ્મોમાં પ્રવેશતા પહેલા તે નક્સલવાદી હોવાનું જાહેર કર્યું હતું. પરંતુ, એક દુ:ખદ ઘટનાએ તે તેના પરિવારમાં પાછો ફર્યો.





# ડાક વિભાગ દ્વારા 'લેખનનો આનંદઃ ડિજિટલ યુગમાં પત્રોનું મહત્ત્વ' વિષય પર 'ઢાઈ આખર' રાષ્ટ્રીય પત્ર લેખન પ્રતિયોગીતાનું આયોજન

## 'ઢાઈ આખર' પત્ર લેખન પ્રતિયોગીતામાં વિજેતાઓને ૫ હજારથી ૫૦ હજાર રૂપિયાનું ઇનામ, અંતિમ તારીખ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ : પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ



### પત્રોની દુનિયા સાથે લોકોનું જોડાણ કરવા માટે ડાક વિભાગની અનોખી પહેલઃ રાષ્ટ્રીય પત્ર લેખન પ્રતિયોગીતા' ઢાઈ આખર'નું આયોજનઃ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

। અમદાવાદ, તા.૨૨ ।

ભારતીય ડાક વિભાગ દ્વારા લોકોને પત્ર લેખન માટે પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય સ્તરે પત્ર લેખન પ્રતિયોગીતા 'ઢાઈ આખર'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઉત્તર ગુજરાત પરીક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ પ્રતિયોગીતામાં 'લેખનનો આનંદઃ ડિજિટલ યુગમાં પત્રોનું મહત્વ' વિષય પર પ્રતિભાગીઓએ તેમના વિચારોને વ્યક્ત કરતો એક પત્ર લખવાનો રહેશે, જેને મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ, ગુજરાત પરિમંડલ, અમદાવાદ-૩૮૦૦૦૧ને સંબોધિત કરવાનો રહેશે. આ પ્રતિયોગીતામાં પસંદ કરવામાં આવેલા પત્રો માટે પાંચ હજારથી પચાસ હજાર રૂપિયાં સુધીનું પુરસ્કાર આપવામાંઆવશે. આ માટે વિવિધ શાળાઓ અને કોલેજો ડાક વિભાગ સાથે મળીને પોતાને ત્યાં આયોજન કરી શકે છે. આ પ્રતિયોગીતાની અંતિમ તારીખ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે કહ્યું કે આ 'ઢાઈ આખર' પત્ર લેખન પ્રતિયોગીતામાં કોઈપણ વયના લોકો ભાગ લઈ શકે છે. પ્રથમ વર્ગ ૧૮ વર્ષ સુધી અને બીજો વર્ગ ૧૮ વર્ષથી વધુ વયના લોકો માટે હશે. પત્ર ડાક વિભાગ દ્વારા જારી કરવામાં આવેલ આંતરદેશીય પત્ર અથવા પરબિડીયામાં જ માન્ય હશે, જેમાં અનુક્રમે ૫૦૦ અને ૧,૦૦૦ શબ્દોમાં અંગ્રેજી, હિન્દી અથવા સ્થાનિક ભાષામાં હાથથી પત્ર લખી શકાય છે. પત્રમાં તમારું પૂર્ણ નામ, સરનામું, જન્મતારીખ, મોબાઈલ નંબર અને શાળાના નામ સાથે સંબંધિત પરિમંડલના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલના સરનામે ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી મોકલવાનું રહેશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પ્રતિયોગીતાના વિજેતાઓને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ ૪ શ્રેણીઓમાં ત્રણ-ત્રણ પુરસ્કાર આપવામાં આવશે. તેમાં પરિમંડલ (રાજ્ય) સ્તરે પસંદ કરવામાં આવેલા શ્રેષ્ઠ પત્રોને પ્રથમ, દ્વિતીય અને તૃતીય શ્રેણીમાં અનુક્રમે ૨૫ હજાર, ૧૦ હજાર અને ૫ હજાર રૂપિયાનું પુરસ્કાર આપવામાં આવશે. રાષ્ટ્રીય સ્તરે પસંદ કરવામાં આવેલા શ્રેષ્ઠ પત્રોને પ્રથમ, દ્વિતીય અને તૃતીય શ્રેણીમાં અનુક્રમે ૫૦ હજાર, ૨૫ હજાર અને ૧૦ હજાર રૂપિયાનું પુરસ્કાર આપવામાં આવશે. કુલ મળીને સમગ્ર દેશમાં ૪૦ લાખ ૨૦ હજાર રૂપિયાનાં પુરસ્કાર વિજેતાઓને આપવામાં આવશે. આ સંબંધમાં વધુ માહિતી માટે વિવિધ પરિમંડલોના અધીક્ષકો અને મુખ્ય ડાકઘરના પોસ્ટમાસ્ટર સાથે સંપર્ક કરી શકાય છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે કહ્યું કે આજની ઝડપભરી દુનિયામાં, જ્યાં સંચાર વિશાળ પ્રમાણમાં ડિજિટલ પ્લેટફોર્મ પર પરિવર્તિત થઈ ગયો છે, ત્યાં પત્ર લખવાની કળા હજુ પણ જીવંત છે. પત્રો આપણા હદયમાં એક વિશેષ સ્થાન ધરાવે છે કારણ કે તેઓ સાથે જૂની યાદોને, ઘનિષ્ઠતા અને વ્યકિતગત ભાવનાનો અનુભવ લાવે છે, જે ટેક્સ્ટ સંદેશા અથવા ઈમેલમાં મળતો નથી. આમ, 'ઢાઈ આખર' અભિયાન માત્ર પત્ર લખવાની કળાની ઉજવણી નથી, પરંતુ દેશભરમાંના લોકો માટે તેમના વિચારો, લાગણીઓ અને વિચારોને એક અર્થપૂર્ણ અને દિલથી વ્યક્ત કરવાનો અવસર પણ આપે છે.

# શાંતિનિકેતન વિદ્યાલય, વેજલપુર ખાતે 'વધુ વૃક્ષો વાવો,પૃથ્વી બચાવો' થીમ આધારિત ચિત્ર સ્પર્ધા યોજાઇ



। અમદાવાદ, તા.૨૨ ।

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે શાંતિનિકેતન વિદ્યાલય, વેજલપુર ખાતે 'વધુ વૃક્ષો વાવો, પૃથ્વી બચાવો' થીમ આધારિત ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી.

ગાંધીનગર લોકસભાને હરિયાળી લોકસભા બનાવનારા સાંસદ અને કેન્દ્રીય ગૃહ તથા સહકારીતા મંત્રીશ્રીના જન્મદિનને શાંતિનિકેતન વિદ્યાલય દ્વારા અલગ અંદાજમાં ઉજવવામાં આવ્યો હતો. શાળાના બાળકોએ ઉત્સાહભેર આ સ્પર્ધામાં ભાગ લઈને પ્રકૃતિ સંરક્ષણ, પર્યાવરણ રક્ષણ સહિત વધુ વૃક્ષો વાવીને પૃથ્વી બચાવવાનો સંદેશ આપતા સુંદર ચિત્રો રજૂ કર્યા હતા.

# સુરતના યુનિવર્સલ ફાઉન્ડેશનની સ્વચ્છતા અને પ્રકૃત્તિ સંરક્ષણ માટે શુભ શરૂઆત : 'આશરો'

। (માહિતી) સુરત, તા.૨૨ ।

નવરાત્રિ દરમિયાન સમગ્ર રાજ્યમાં નવ દિવસ માની અખંડ આરાધના માટે ગરબો એ શ્રદ્ધાનું પ્રતિક હોય છે. સદીઓથી જગદંબાની આરાધના કરાવતો ગરબો આસ્થાને જીવંત રાખે છે. આ ગરબાની ગરિમા જાળવવા સુરતના યુનિવર્સલ ફાઉન્ડેશને 'આશરો' નામથી શુભ શરૂઆત કરી છે અને માતાજીની આરાધનાના પ્રતિક ગરબાને 'પંખીનો આશરો' બનાવ્યો છે. સ્વચ્છતા હી સેવા સંકલ્પને સાર્થક કરતા સંસ્થાના સેવાભાવી સભ્યોએ નવરાત્રિની આરાધના બાદ ગરબા રઝળે નહિ, સ્વચ્છતા પણ જળવાય અને પર્યાવરણ-પ્રકૃત્તિ સંરક્ષણનો હેતુ પણ સફળ થાય એ માટે ગરબાઓને એકત્ર કરી, વૃક્ષો પર મજબૂત રીતે તાર વડે બાંધીને પક્ષીઓના આશ્રયસ્થાન માં પરિવર્તિત કર્યા છે. આ પહેલ શરૂ કરનાર યુનિવર્સલ ફાઉન્ડેશનના સંસ્થાપક પ્રકાશ કુમાર વેકરીયાએ સુરત મહાનગર પાલિકા, મોટાવરાછા ઝોન બી. ની મદદથી ગરબાઓને એકત્ર કરવાનું અભિયાન ઉપાડ્યું છે. તેઓ લોકોને પ્રેરક વિડીયોના માધ્યમથી આ માટે જાગૃત્ત પણ કરી રહ્યા છે. નવરાત્રિમાં



ગરબાને નજીકના વૃક્ષે બાંધી બારેમાસ માતાજીની આરાધના કરવાની અપીલ કરતા તેમણે જણાવ્યું કે, ગણેશ ઉત્સવમાં મૂર્તિ વિસર્જન, શ્રાદ્ધમાં થતો ખોરાકનો વેડફાટ તેમજ બારેમાસ તાપી નદીમાં ફેંકવામાં આવતો પૂજાપો તાપી નદી અને શહેરને ગંદુ કરે છે. સ્વચ્છતામાં નંબર-૧ની જાળવણી કરવી એ પણ આપણી ફરજ છે. યુનિવર્સલ ફાઉન્ડેશન લોકોની ધર્મભાવનાને ઠેસ પહોંચાડ્યા વિના લોક હિત માટે રાષ્ટ્રકાર્ય-સામાજિક કાર્યો કરીએ છીએ. ધર્મસંરક્ષણ હેતુ વિશ્વ શંખનાદ અભિયાન, કોરોના રસીકરણ, જીવન રક્ષા, પર્યાવરણ રક્ષા, ડિઝાસ્ટર અને સ્વરક્ષણ તાલીમો, સ્વચ્છતા અભિયાન, નદી શુદ્ધિકરણ વગેરે બાદ ગરબાઓનો સદુપયોગ કરી લોકોના સહયોગથી અબોલ પંખીઓ માટે 'આશરો' અભિયાન શરૂ કર્યું છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ફીડર બસ સેવાનો શુભારંભ કરાવ્યો

## સિંધુભવન રોડ મલ્ટી લેવલ પાર્કિંગમાં વાહન પાર્ક કરનારા રાહદારીઓને ફીડર બસ સેવાનો નિઃશુલ્ક લાભ મળશે



। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ફીડર બસ સેવાનો શુભારંભ કરાવ્યોહતો. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ AMTSની ૨ બસને ફ્લેગ ઓફ કરાવી ફીડર બસ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. સિંધુભવન રોડ મલ્ટીલેવલ પાર્કિંગથી થલતેજ મેટ્રો સ્ટેશન, પકવાન ચાર રસ્તા, માનસી સર્કલ અને ટાઈમ્સ સ્ક્વેર સિંધુભવન રોડ સુધીના સર્ક્યુલર રૂટ પર બસ સેવાનો પ્રારંભ થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સિંધુભવન રોડ મલ્ટી લેવલ પાર્કિંગમાં વાહન પાર્ક કરનારા રાહદારીઓને ફીડર બસ સેવાનો નિઃશુલ્ક લાભ મળશે. આ સિવાયના લોકો વ્યક્તિદીઠ પાંચ રૂપિયા શુલ્ક આપીને આ ફીડર બસમાં પ્રવાસ કરી શકાશે. આ રૂટ પર દર ૧૫ મિનિટના સમયાંતરે ફીડર બસ સેવાનો લાભ મળી રહેશે. મુખ્યમંત્રીશ્રીએ આ રૂટ પરની જે બે નવી ફીડર બસ/મીની બસને ફ્લેગ ઓફ કરાવ્યું તે બસ સીસીટીવી કેમેરા, રિઅર વ્યુ કેમેરા જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે.

ફીડર બસ સેવાના લોકાર્પણ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, બાપુનગરના ધારાસભ્ય શ્રી દિનેશ સિંહ કુશવાહા, નારણપુરાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ પટેલ, મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, ડેપ્યુટી મેયર શ્રી, મ્યુનિસિપલ કમિશનર શ્રી, મહાનગર પાલિકાના અન્ય પદાધિકારીઓ, અધિકારીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત સરકારમાં નવનિયુક્ત ૧૨૩ પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ને પશુપાલન મંત્રી રાઘવજી પટેલના હસ્તે નિમણૂંક પત્ર એનાયત કરાયા

। (માહિતી) ગાંધીનગર, તા.૨૨ ।

ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને ગુજરાત સરકારના પશુપાલન વિભાગમાં નવનિયુક્તી પામેલા પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ને નિમણૂંક પત્ર એનાયત કરવાનો સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે કૃષિ અને પંચાયત રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પશુપાલન મંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે આશરે ૧૨૩ નવનિયુક્ત પશુ ચિકિત્સા અધિકારીઓને નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. નવનિયુક્ત પશુ ચિકિત્સા અધિકારીઓને શુભેચ્છાઓ પાઠવતા પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે, ગુજરાતના પશુ ચિકિત્સકો માત્ર તબીબી વ્યવસાયી નથી, તેઓ ગુજરાતમાં કૃષિ અને પશુપાલન ક્ષેત્રની વણથંભી વિકાસ યાત્રાના મહત્વપૂર્ણ ભાગીદાર, જાહેર સ્વાસ્થ્યના રક્ષક અને પ્રાણી કલ્યાણના



ચેમ્પિયન છે. તેમના પરિણામે જ ગુજરાતનું પશુપાલન, ડેરી ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્ર આગળ વધી રહ્યું છે. ગુજરાત આજે દૂધ ઉત્પાદનમાં દેશમાં ચોથા ક્રમે છે, જ્યારે ભારત વિશ્વમાં પ્રથમ ક્રમાંકે છે. વંચિતોને પ્રાથમિકતા આપવી એ જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનો મૂળમંત્ર છે. આજે જે નવયુવાનોને નિમણૂક પત્રો એનાયત થયા છે, તેમાં રાજ્ય સરકાર દ્વારા મોટી સંખ્યામાં ગુજરાતના સરહદી જિલ્લા અને તાલુકાઓમાં શ્રેષ્ઠ પશુચિકિત્સકોને નિમણૂંક આપીને છેવાડાના માનવીની સેવા કરવાનો આગવો અભિગમ દાખવ્યો છે.

# ધોળકામાં ગૃહિણીઓ માટે કાયદાકીય માર્ગદર્શક સેમિનારનું આયોજન

## સેમિનારમાં સહિજ ગામની ગૃહિણીઓને ઘરેલુ હિંસા અધિનિયમ, ૨૦૦૫ અંતર્ગત કાયદાકીય માહિતી આપવામાં આવી



। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા ધોળકા તાલુકાના સહિજ ગામ ખાતે ઘરેલુ હિંસા અધિનિયમ, ૨૦૦૫ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શક સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં સહિજ ગામની ગૃહિણીઓ સહભાગી થઈ હતી. આ ગૃહિણીઓને ધોળકા તાલુકાના પેનલ એડવોકેટ શ્રી જે. કે. પાંડવ દ્વારા ઘરેલુ હિંસાના પ્રકારો, રક્ષણ અધિકારીની ફરજો, ભૂમિકાઓ તેમજ આ કાયદામાં હિંસાથી પીડિત બહેનો માટેની વિશેષ જોગવાઈઓની માહિતી આપવામાં આવી હતી. તદુપરાંત, તાલુકા પેરા લીગલ વોલેન્ટીયર શ્રી હેતલબહેન રાઠોડ દ્વારા મફત કાનૂની સેવા સત્તા મંડળ વિશે માહિતી આપવામાં આવી હતી. સંકલ્પ-હબ ફોર એમ્પવારમેન્ટ ઓફ વિમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશભાઇ સોલંકીએ મહિલા અને બાળ વિકાસ વિભાગ અમલીકૃત મહિલા કલ્યાણકારી યોજનાઓ વિશે તેમજ શ્રી હેમલ બારોટે મહિલા સ્વાવલંબન યોજના વિશે માહિતી આપી હતી. વધુમાં, બોપલ મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર શ્રી પારુલબહેને પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર અને સખી વન સ્ટોપ સેન્ટર યોજનાઓ વિશે ગૃહિણીઓને સમજ આપી હતી. આ સેમિનારમાં સહિજ ગામના સરપંચ શ્રી મહેન્દ્રસિંહ નટવરસિંહ ચાવડા, ધોળકા તાલુકા લાઈવલીહુડ મેનેજર શ્રી ભાવનાબહેન દેસાઈ તેમજ APM શ્રી પ્રિયંકાબહેન રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વના પ્રવાસન નકશામાં અંકિત થઈ ચૂકેલા એકતાનગરના મહત્વના સ્થળોની સુરક્ષાને ધ્યાને લઈ સફળ મોકડ્રીલ યોજાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૨૨ ।

પ્રવાસન ક્ષેત્રે વિશ્વના નકશામાં અંકિત થયેલા નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આગામી ૩૧મી ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થનાર છે. જેને ધ્યાને લઈ પ્રવાસીની સલામતી તથા સુરક્ષા વ્યવસ્થા ની ચકાસણીના ભાગરૂપે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીના પ્રેરક માર્ગદર્શન અને રાહબરી હેઠળ તા.૨૧મી ઓક્ટોબર સોમવારના રોજ બપોરે એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર અને સરદાર સરોવર નર્મદા બંધ ખાતે સફળ મોકડ્રીલ યોજાઈ હતી. ચેતક કમાન્ડો દ્વારા દિલધડક ઓપરેશન કરવામાં આવ્યું હતું. સ્ટેચ્યુ ઓફ યુનિટીના ફૂડકોર્ટ અને સરદાર સરોવર નર્મદા




બંધ ખાતે આતંકી હૂમલો થતાં પ્રવાસીઓને આતંકીઓએ બાનમાં લીધા હતા અને ડેમની સુરક્ષા વ્યવસ્થા સંભાળતા એસઆરપીએફ ના જવાનો પર હૂમલો કરી ઈજાગ્રસ્ત કર્યા હતા. ચાર જેટલા સશસ્ત્ર આતંકીઓએ આ સ્થળોએ ઘુસીને પ્રવાસીઓને બાનમાં લેવા અંગેના સમાચાર ઈમર્જન્સી રિસ્પોન્ડ ટીમ અને જિલ્લા વહીવટી તંત્રને મળતા જ તંત્રએ સતર્ક થઈને વિવિધ ફોર્સને ઓપરેશનના ભાગેરૂપે એક્ટિવ કરી આતંકી હુમલાના સ્થળે પોલીસ ખડકી દઈ કોર્ડન કર્યુ હતું. આતંકી હુમલાની જાણ થતાં જ સૌ પ્રથમ તે તરફ જતા રસ્તાઓ પર સલામતી-સુરક્ષા માટે વાહન વ્યવહાર બંધ કરી સ્થાનિક પોલીસ દ્વારા સ્થિતિ નિયંત્રણમાં કરવામાં આવી હતી. ત્યારબાદ સ્થાનિક પોલીસ અને એસઓજીની ટીમોએ આતંકી હુમલા વાળી જગ્યાઓને કોર્ડન કરી ઘેરો બનાવી આતંકવાદીઓ સામે પડકાર ફેંક્યો હતો. આતંકી હુમલાની ઘટનાને ધ્યાને લઈ તેની ગંભીરતા જાણી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્ટેટ ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમ અને ઈમર્જન્સી રિસ્પોન્ડ ટીમની મદદ લઈ હુમલાની ઘટનામાં ઓપરેશન માટે ગાંધીનગરથી ચેતક કમાન્ડોની ટીમની જરૂરિયાત જણાતા તેની માગણી કરી હતી. ચેતક કમાન્ડોની ટીમ એકતાનગર ખાતે તાત્કાલિક આવી પહોંચતા ડિઝાસ્ટર રિસ્પોન્ડીંગ ઓફિસર દ્વારા હુમલાની ઘટના અંગે નકશાના માધ્યમથી સ્થળ સ્થિતિથી કોમ્યુનિકેશન દ્વારા વાકેફ કરતા ચેતક કમાન્ડોની ટીમો દ્વારા તાબડતોડ કુનેહ પૂર્વક તમામ સ્થળોએ ઓપરેશન પાર પાડી આતંકીઓને ઠાર કરી બિલ્ડીંગ અને અન્ય પ્રવાસન સ્થળોએ ફસાયેલા બંધક લોકોને આતંકીઓના કબજામાંથી મુક્ત કરાવ્યા હતા. બુલેટપ્રુફ સુરક્ષા બોર્ડ, MP-5 ગ્લોક પિસ્ટલ, એસ.આઈ.જી., એ.કે.-૪૭ જેવા હથિયારોથી સજ્જ કમાન્ડો બ્લેક ડ્રેસકોડમાં કોર્ડનીંગ અને સર્ચ ઓપરેશન કર્યુ હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. જો સંવાદ અને ચર્ચાથી કામ નહીં થાય-એનાથી તમને ગુસ્સો આવશે અને તમે કશુંક એવું બોલી જશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? સમજદારીપૂર્વક રોકાણ કરો. તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. ઘરનું કામ થકાવનારૂં હશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. તમારા પ્રિયપાત્ર સાથે કેટલાક મતભેદોસ થઈ શકે છે-તમારી પરિસ્થિતિથી તમારા સાથીદારને વાકેફ કરાવવામાં તમને ખાસ્સી મુશ્કેલી પડશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. આ સારો સમય છે જે તમારી માટે સફળતા અને ખુશીઓ લાવશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે થોડુંક ટૅન્શન તથા કેટલાક મતભેદો તમને અજંપ તથા બેચેન કરી મુકશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? પત્ની તમને તમારૂં જીવન બદલવામાં મદદ કરશે. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

## ન્યૂઝ બ્રિફ

### દેશભરનાં તમામ કોચિંગ સેન્ટર્સ માટે સમાન નિયમ બનાવો : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ગોધરાના રમખાણો પર બીબીસીએ બનાવેલી દસ્તાવેજી ફિલ્મ પર પ્રતિબંધ મુકવાના નિર્ણય અંગેના ઓરિજનલ રેકોર્ડ ત્રણ સપ્તાહમાં રજૂ કરવા આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૦૨માં ગુજરાતના ગોધરા ખાતે ૫૭ જેટલાં કારસેવકોને ટ્રેનમાં જીવતાં જલાવી દેવાની નૃશંસ ઘટના બાદ સમગ્ર રાજ્યમાં ફાટી નીકળેલાં કોમી રમખાણો પર બ્રિટિશ મીડિયા કંપની બીબીસીએ બે ભાગમાં બનાવેલી દસ્તાવેજી ફિલ્મ 'ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન' પર કેન્દ્ર સરકારે ૨૦૨૩માં પ્રતિબંધ મુક્યો હતો. પત્રકાર એન. રામ, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા તથા વકીલ પ્રશાંત ભૂષણ અને વકીલ એમ.એલ. શર્મા દ્વારા બીબીસીની દસ્તાવેજી ફિલ્મ પર પ્રતિબંધ મુકવાના સરકારના નિર્ણયને પડકારતી એક અરજીમાં જસ્ટિસ સંજીવ ખન્ના તથા સંજય કુમારની બેન્ચે કેન્દ્ર સરકારને ત્રણ સપ્તાહમાં બીબીસીની ડોક્યુમેન્ટરી પર પ્રતિબંધ મુકવાના નિર્ણય સાથે સંકળાયેલા મૂળ દસ્તાવેજો રજૂ કરવા જણાવ્યું છે.

### UNની સિક્યોરિટી કાઉન્સિલમાં ભારતના કાયમી સભ્યપદને રશિયાએ ટેકો આપ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ (UNSC)માં ભારતના કાયમી સભ્યપદને સમર્થન આપતા રશિયાએ રવિવારે જણાવ્યું હતું કે વૈશ્વિક બહુમતીનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે ભારત, બ્રાઝિલ અને આળિકન દેશોને UN સુરક્ષા પરિષદમાં કાયમી ધોરણે પ્રતિનિધિત્વ આપવું જોઈએ. રશિયાના વિદેશ પ્રધાન સેર્ગેઈ લાવરોવે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે ભારત, બ્રાઝિલ જેવા દેશો તેમજ આળિકાના પ્રતિનિધિઓ સુરક્ષા પરિષદમાં લાંબા સમય સુધી કાયમી ધોરણે હોવા જોઈએ. તેનાથી વૈશ્વિક બહુમતીનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી શકાશે.ભારત ઘણા વર્ષોથી યુએનની સિક્યોરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ માટેના પ્રયાસો કરી રહ્યું છે. ભારત માને છે કે સિક્યોરિટી કાઉન્સિલમાં સુધારા કરવા જોઈએ તેમજ તેના કાયમી અને બિનકાયમી સભ્યોની સંખ્યામાં વધારો કરવો જોઈએ, કારણ કે છેક ૧૯૪૫માં સ્થપાયેલી ૧૫ સભ્યોની સિક્યોરિટી કાઉન્સિલ ૨૧મી સદી અને સમકાલીન ભૌગોલિક-રાજકીય વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતી નથી. દિલ્હીએ ભારપૂર્વક જણાવ્યું છે કે ભારતને સિક્યોરિટી કાઉન્સિલમાં કાયમી પ્રતિનિધિત્વ મળવું જોઈએ.

ગોધરા રમખાણો પરની

# બીબીસીની ફિલ્મ પર પ્રતિબંધના મૂળ દસ્તાવેજો રજૂ કરો : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ગોધરાના રમખાણો પર બીબીસીએ બનાવેલી દસ્તાવેજી ફિલ્મ પર પ્રતિબંધ મુકવાના નિર્ણય અંગેના ઓરિજનલ રેકોર્ડ ત્રણ સપ્તાહમાં રજૂ કરવા આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૦૨માં ગુજરાતના ગોધરા ખાતે ૫૭ જેટલાં કારસેવકોને ટ્રેનમાં જીવતાં જલાવી દેવાની નૃશંસ ઘટના બાદ સમગ્ર રાજ્યમાં ફાટી નીકળેલાં કોમી રમખાણો પર બ્રિટિશ મીડિયા કંપની બીબીસીએ બે ભાગમાં બનાવેલી દસ્તાવેજી ફિલ્મ 'ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન' પર કેન્દ્ર સરકારે ૨૦૨૩માં પ્રતિબંધ મુક્યો હતો. પત્રકાર એન. રામ, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા તથા વકીલ પ્રશાંત ભૂષણ અને વકીલ એમ.એલ. શર્મા દ્વારા બીબીસીની દસ્તાવેજી ફિલ્મ પર પ્રતિબંધ મુકવાના સરકારના નિર્ણયને પડકારતી એક અરજીમાં જસ્ટિસ સંજીવ ખન્ના તથા સંજય કુમારની બેન્ચે કેન્દ્ર સરકારને ત્રણ સપ્તાહમાં બીબીસીની ડોક્યુમેન્ટરી પર પ્રતિબંધ મુકવાના નિર્ણય સાથે સંકળાયેલા મૂળ દસ્તાવેજો રજૂ કરવા જણાવ્યું છે. બેન્ચે અરજદારોને ત્યારબાદના બે સપ્તાહમાં રિજોઈન્ડર એફિડેવિટ ફાઈલ કરવાનો સમય આપી આ મામલાની અંતિમ સુનાવણી જાન્યુઆરી, ૨૦૨૫ સુધી મુલતવી રાખી છે. બેન્ચે જણાવ્યું હતું કે, આ મામલાની ૧૦ મિનિટમાં પતાવટ શક્ય નથી, તેની પર ચર્ચા જરૂરી છે. સરકાર તરફથી ઉપસ્થિત રહેલાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અદાલતને જણાવ્યું હતું કે, સરકારે આ મામલે હજી પોતાનો જવાબ ફાઈલ નથી કર્યો અને તે માટે તેમને બે સપ્તાહનો સમય જોઈશે. જોકે અરજદારો તરફથી ઉપસ્થિત વકીલ સી.યુ. સિંઘે મહેતાની વિનંતીનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે, સરકારને જાણ હોવા છતાં તેણે આ મામલે જવાબ રજૂ કર્યો નથી. જોકે જસ્ટિસ ખન્નાએ જણાવ્યું હતું કે, આ મામલે સર્વોચ્ચ અદાલત કેન્દ્રનો જવાબ ચકાસશે. અરજદારના વકીલ સિંઘે એવી દલીલ કરી હતી કે, સરકારે આ દસ્તાવેજી ફિલ્મ પર પ્રતિબંધ મુકવા માટે આઈટી એક્ટ, ૨૦૨૧ની ઈમરજન્સી સત્તાનો ઉપયોગ કર્યો છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ બોગસ કોલ્સ અંગે પ્લાન રજૂ કર્યો

# વિમાનમાં બોંબની અફવા ફેલાવનારને આજીવન કારાવાસની સજાની વિચારણા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।



દેશમાં સમયાંતરે વિમાનમાં બોંબ હોવાની ધમકી મળતી રહે છે. આ પ્રકારની ધમકીને કારણે એરપોર્ટ ઓથોરિટીને ખૂબ પરેશાનીનો સામનો કરવો પડે છે. અનેક વાર ફ્લાઈટ્સની ઈમરજન્સી લેન્ડિંગ કરાવીને ચેકિંગ થાય છે, તો ક્યારેક ફ્લાઈટ્સના ટેકઓફ પહેલા જ કલાકો સુધી તપાસ થાય છે. હવે બોંબની ધમકી જેવા મામલામાં કેન્દ્ર સરકારે આકરુ વલણ અપનાવ્યું છે. સોમવારે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું કે અફવા ફેલાવતા લોકો સામે આકરી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરાઈ રહી છે. આ પ્રકારના મામલાને નોંધપાત્ર ગુનો ગણવામાં આવે. આ ઉપરાંત, આ પ્રકારની ધમકી આપનારને નો-ફ્લાય લિસ્ટમાં મુકવામાં આવે, એટલે કે તેમના પર ઉડાણ ભરવા પર હંમેશા પ્રતિબંધ મુકવામાં આવે.આ સાથે કેન્દ્રીય નાગરિક ઉડ્ડનય મંત્રીએ એમ પણ કહ્યું કે, એક કાયદો બનાવવો જોઈએ, જેમાં અફવા ફેલાવતા લોકોને આજીવન કેદની સજા જોગવાઈ કરવામાં આવે. કેમ કે આ પ્રકારના બોગસ કોલથી ગંભીર સ્થિતિ પેદા થાય છે. સમગ્ર વહીવટીતંત્ર પરેશાન થાય છે અને યાત્રીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેમણે ઉમેર્યુ કે, છેલ્લા એક સપ્તાહની અંદર જ આવા ૧૦૦ કોલ આવ્યા છે, જેનાથી પરેશાન પેદા થાય છે. જ્યારે આપણે બોગસ કોલની વાત કરીએ છીએ, તો આપણે આંતરરાષ્ટ્રીય માપદંડોનું પાલન કરવું જોઈએ. એટલા માટે કોઈ પણ ધમકીની સંપૂર્ણ તપાસ કરવી પડે છે. એમાં સમય લાગે છે અને સંપૂર્ણ પ્રોટોકોલને અનુસરવું પડે છે. ઉડ્ડયન મંત્રી એમ પણ કહ્યું કે અમે સિક્યોરિટી કેમેરાઓની સંખ્યા પણ વધારી છે.

# કોંગ્રેસના કરેલા દાવાઓથી મહારાષ્ટ્રની રાજનીતિમાં ખળભળાટ

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।



મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી (MVA)માં બેઠક વહેંચણીને લઈને જંગ છેડાઈ ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉદ્ધવ ઠાકરે બેઠક વહેંચણીને લઈને કોંગ્રેસથી નારાજ છે અને પ્લાન B પર પણ કામ કરી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેની પાર્ટી શિવસેના (UBT)ની તૈયારી તમામ ૨૮૮ બેઠકો પર છે. એટલે કે જો સ્ફછમાં બેઠક વહેંચણીની વાત ન બને તો ઠાકરે પોતાના બળે ચૂંટણી લડી શકે છે. આવી સ્થિતિમાં સવાલ ઉઠે છે કે શું ઉદ્ધવ ઠાકરે કોંગ્રેસથી દૂર થાય તો શું તેઓ BJPની સાથે જશે? જ્યારે કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે બેઠક વહેંચણી પર ઉદ્ધવ ઠાકરેના દબાણ આગળ પાર્ટી નહીં ઝૂકે. સૂત્રોએ જણાવ્યું કે ઉદ્ધવ ઠાકરેના નિવેદનોથી તેમના પગલાંનો સંકેત રવિવારે (૨૦ ઓક્ટોબર)ના રોજ મળી ગયો હતો. સૂત્રોએ કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં ઉદ્ધવ ઠાકરે સાથે મુલાકાત કરી હતી. સંજય રાઉતે પણ અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. જોકે એ સ્પષ્ટ નથી કે કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ. કોંગ્રેસના સૂત્રોએ કહ્યું કે જે રીતે શિવસેના (UBT) દબાણની વ્યૂહરચના અપનાવી રહી છે, તેને જોતાં બેઠક ફાળવણીમાં વિલંબ થશે. કોંગ્રેસ પાર્ટીના નેતાઓએ મહારાષ્ટ્રના પાર્ટી નેતાઓને કહ્યું કે શિવસેના એવી બેઠકોની માંગ કરી રહી છે, જ્યાં મુસ્લિમ મતદારો મોટી સંખ્યામાં છે અને જ્યાં કોંગ્રેસના ઉમેદવાર ૧૦૦ ટકા ચૂંટાઈને આવી શકે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ સ્પષ્ટ કહ્યું, "અમે આ બેઠકો નહીં છોડીએ અને આ બેઠકો પર ચર્ચા અંત સુધી ચાલશે. લોકસભામાં કોંગ્રેસના પ્રદર્શનને જોતાં કોંગ્રેસને વધુમાં વધુ બેઠકો મળવી જોઈએ અને અમે લઈશું." સૂત્રોએ જણાવ્યું કે સ્ફછમાં મહારાષ્ટ્રમાં લગભગ ૨૦થી ૨૫ બેઠકો પર પેંચ ફસાયો છે. આમાં મોટાભાગે વિદર્ભ અને મુંબઈની બેઠકો છે. શિવસેના (UBT) rવદર્ભની ત્રણ બેઠકો માંગે છે અને તેનાથી ઓછામાં તૈયાર નથી. રાજ્યના નેતાઓથી નારાજગીને કારણે હવે શિવસેના (UBT) કેન્દ્રના ટોચના કોંગ્રેસી નેતાઓ સાથે વાતચીત કરી રહી છે. બેઠક વહેંચણી અંગે જ્યારે શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતને સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે સોમવારે (૨૧ ઓક્ટોબર)ના રોજ કહ્યું કે અમારી વાતચીત ચાલી રહી છે. આજે સાંજ સુધીમાં ફાઈનલ થઈ જશે. અમે બધા બેસીને નિર્ણય લઈશું. કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે વાતચીત થઈ રહી છે. રાજ્યના કોંગ્રેસ નેતાઓ અમારા મિત્રો છે. બેઠક વહેંચણીમાં બધાએ થોડું ઘણું ત્યાગ કરવો પડે છે. કોંગ્રેસનું આલાકમાન દિલ્હીમાં બેસે છે. નોંધનીય છે કે મહારાષ્ટ્રમાં સ્ફછમાં કોંગ્રેસ અને શિવસેના (UBT)ની સાથે શરદ પવારની NCP (SP) સામેલ છે. આ ગઠબંધનનો મુકાબલો BJP, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની NCPથી છે.

# અમેરિકા પહોંચવાની આશાએ સાઉથ મેક્સિકોમાં માઈગ્રન્ટ ફસાયા

## યુએસમાં આ વખતે માઈગ્રેશનનો મુદ્દો પણ ચૂંટણીમાં છવાયેલો છે ત્યારે એશિયા-લેટિન અમેરિકામાંથી માઈગ્રન્ટ્સનું આગમન વધતું જ જાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।



અમેરિકામાં હવે થોડા જ દિવસોમાં ઈલેક્શનનું વોટિંગ થવાનું છે ત્યારે પડોશી દેશ મેક્સિકોમાં હજારો માઈગ્રન્ટ ભેગા થયા છે અને આગામી દિવસોમાં અમેરિકા બોર્ડર પર પહોંચી જવાનું વિચારે છે. સાઉથ મેક્સિકોમાં લગભગ ૪૦,૦૦૦ માઈગ્રન્ટ ફસાઈ ગયા છે જેઓ આગળ નથી વધી શકતા. પરંતુ ઓછામાં ઓછા ૨૦૦૦ માઈગ્રન્ટે હવે નોર્થમાં આગળ વધવાનું શરૂ કર્યું છે એવું સીબીએસ ન્યૂઝનો રિપોર્ટ જણાવે છે. યુએસમાં ઈલેક્શન થાય તે પહેલાં તેઓ અમેરિકાની બોર્ડર સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. સીબીએસ ન્યૂઝના અહેવાલ પ્રમાણે લગભગ ૨૦૦૦ માઈગ્રન્ટના એક ગ્રૂપે રવિવારે મેક્સિકોની સાઉથ બોર્ડર પરથી કૂચ કરી હતી અને તેમનો ટાર્ગેટ અમેરિકા પહોંચવાનો છે. યુએસમાં આ વખતે માઈગ્રેશનનો મુદ્દો પણ ચૂંટણીમાં છવાયેલો છે ત્યારે એશિયા અને લેટિન અમેરિકામાંથી માઈગ્રન્ટ્સનું આગમન વધતું જ જાય છે. વેનેઝુએલાથી આવેલા એક માઈગ્રન્ટે મીડિયાને કહ્યું કે અમેરિકામાં નવી સરકાર આવશે તો અસાઈલમ માટે ઓનલાઈન સિસ્ટમથી જે એપોઈન્ટમેન્ટ મળતી હતી, તે બંધ થઈ જવાની બીક છે તેથી ઈલેક્શન પહેલા જ તેઓ અમેરિકા પહોંચવા માંગે છે. બધાને એ વાતની ચિંતા છે કે જો બાઈડનની જગ્યાએ જે નવા પ્રેસિડન્ટ આવશે તે માઈગ્રેશન મુદ્દે કેવું વલણ અપનાવશે. ખાસ કરીને જો ટ્રમ્પ આવી જશે તો પછી તકલીફ વધી જવાની છે. હાલમાં માઈગ્રન્ટને હેલ્પ કરે તેવી સીબીપી વન નામની એપોઈન્ટમેન્ટ સિસ્ટમ છે જે ગમે ત્યારે બંધ થઈ શકે છે. મેક્સિકોના સાઉથમાં સામાન્ય રીતે ઘણા માઈગ્રન્ટ એકઠા થતા હોય છે પરંતુ અહીં હાલમાં જોબ મળવી મુશ્કેલ છે અને નવા માઈગ્રન્ટ પણ હજારોની સંખ્યામાં આવી રહ્યા છે. આ ઉપરાંત અસાઈલમ એપોઈન્ટમેન્ટમાં વિલંબ થયો છે. તેથી જે લોકો અહીં પહેલેથી આવી ગયા હતા તેઓ હવે આ પ્રદેશ છોડી રહ્યા છે. હોન્ડુરસથી આવેલા એક માઈગ્રન્ટે કહ્યું કે મારા દેશમાં સ્થિતિ બહુ ખરાબ છે. ત્યાંના પ્રેસિડન્ટ અમારા માટે કંઈ નથી કરી રહ્યા. અમે બોર્ડર પર એક અઠવાડિયા સુધી બેસી રહ્યા પરંતુ ડોક્યુમેન્ટ કરાવવામાં ઘણો સમય લાગી ગયો. આ ડોક્યુમેન્ટથી અમે મેક્સિકોના માત્ર એક શહેરમાં રહી શકીએ છીએ તેને છોડી શકતા નથી. ઓક્ટોબરમાં આ વિસ્તારમાંથી ૮૦૦ અને ૯૦૦ માઈગ્રન્ટના ગ્રૂપ યુએસ બોર્ડર પર જવા રવાના થયા છે.

તાઈવાન તેનો ભાગ હોવાનો ચીનનો કર્યો

# નેપાળમાં ચીન વિરોધી ગતિવિધિ ચલાવી નહીં લેવાય : PM ઓલી



। (એજન્સી) કાઠમાડું, તા.૨૨ ।

ચીનની વિસ્તારવાદી નીતિ ચરમસીમાએ છે. હવે તેમાં નેપાળે પણ સૂર મિલ્વ્યા છે. નેપાળના વડાપ્રધાન કે. પી. શર્મા ઓલીએ કહ્યું હતું કે દેશમાં ચીન વિરોધી ગતિવિધિઓને મંજૂરી આપવામાં આવશે નહીં અને તે 'વન ચાઈના' નીતિનું સમર્થન કરે છે. ઓલીએ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના સેન્ટ્રલ કમિટીના સભ્ય ચેન જિનિંગના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય ચીની પ્રતિનિધિમંડળ સાથેની બેઠકમાં આ ટિપ્પણી કરી હતી.આ બેઠક કાઠમંડુના બાલુવાતારમાં તેમના સત્તાવાર નિવાસસ્થાને મળી હતી. 'વન ચાઈના' નીતિ પ્રત્યે નેપાળની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરતા ઓલીએ પ્રતિનિધિમંડળને કહ્યું હતું કે નેપાળની સરહદમાં ચીન વિરોધી પ્રવૃત્તિને મંજૂરી આપવામાં આવશે નહીં. બીજી તરફ, ચીને દાવો કર્યો છે કે તાઈવાન તેનો ભાગ છે અને ચીન સાથે રાજદ્વારી સંબંધો ધરાવતા તમામ દેશો માટે 'વન ચાઈના' નીતિનું પાલન કરવું ફરજિયાત છે. બેઠક દરમિયાન ઓલીએ નેપાળના આર્થિક વિકાસ માટે ચીનના સતત સમર્થનની આશા પણ વ્યક્ત કરી હતી. વડાપ્રધાનના સચિવાલયના જણાવ્યા અનુસાર, દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા અને કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ચાઈના (CPC) અને કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ નેપાળ (યુનિફાઈડ માર્ક્સિસ્ટ-લેનિનિસ્ટ) પક્ષો વચ્ચે સહયોગ વધારવા પર પણ વાતચીત થઈ હતી. ઓલી CPN (UML)ના પ્રમુખ છે અને તેમને ચીન તરફી નેતા તરીકે જોવામાં આવી રહ્યા છે.

## વિશેષ

'જળ જીવન મિશન' અંતર્ગત રાજ્યના ૯૦ ટકા ગ્રામીણ ઘરોમાં રૂ. ૩,૫૦૦ કરોડના ખર્ચે નળ જોડાણ ; વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૦૦ ટકા ઘરોમાં નળ જોડાણનું લક્ષ્યાંક

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની ઉપસ્તિથિમાં નવી દિલ્હી ખાતે આયોજિત 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર' સમારંભમાં ગુજરાતને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે એવાર્ડ એનાયત

। (માહિતી) ગાંધીનગર ।





રાજ્યના ખૂણે- ખૂણે શુદ્ધ પાણી પહોચાડવું એ ગુજરાત સરકારની હંમેશા પ્રાથમિકતા રહી છે. જેના પરિણામે આજે નવી દિલ્હી ખાતે આયોજિત 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર- એવાર્ડ' કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મુના હસ્તે ગુજરાત અને પુડુચેરીને ઉત્તમ રાજ્ય કેટેગરીમાં દેશમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરવા બદલ એવાર્ડ એનાયત કરવામાં આવ્યો છે. જે સમગ્ર રાજ્ય માટે ગૌરવ સમાન છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે 'જળ હી જીવન હૈ'ના મંત્રને સાચા અર્થમાં સાકાર કર્યો છે.

આ એવાર્ડ માટે કેન્દ્રીય જળ આયોગ અને ભૂજળ બોર્ડ દ્વારા સૂચિત મૂલ્યાંકન અને ધરાતલીય ચકાસણી બાદ ઉત્તમ રાજ્ય કેટેગરીમાં ઓડિશા પ્રથમ, ઉત્તરપ્રદેશ બીજું તેમજ ગુજરાત અને પુડુચેરીને ત્રીજું સ્થાન મેળવ્યું છે.

આજે નવી દિલ્હી ખાતે યોજાયેલા 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર- એવાર્ડ' કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મુના હસ્તે તેમજ કેન્દ્રિય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટિલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના જળ સંપત્તિ વિભાગના સચિવ શ્રી પી. સી. વ્યાસ એ આ એવાર્ડ સ્વીકાર્યો હતો. રાજ્યમાં સુદ્રઢ જળ વ્યવસ્થાપન માટે ગુજરાતે લીધેલા મહત્વના પગલા તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દિશાદર્શનમાં ગુજરાતે જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અનેકવિધ નવીન સફળ પ્રકલ્પો હાથ ધર્યા છે. જેમાં સુજલામ- સુફલામ જળ અભિયાન હેઠળ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૫,૦૦૦થી વધુ જળ સંરક્ષણ અને રેન વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર્સ લાગુ કરવામાં આવ્યાં છે. સાથોસાથ જળ સંરક્ષણના વિવિધ કાર્યક્રમો માટે અંદાજે રૂ. ૮૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ જળ સિંચાઈ ક્ષમતામાં વધારો કરવા ૨.૮ લાખ હેક્ટર કૃષિ ભૂમિમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. જ્યારે ઁસ્દ્ભજીરૂ હેઠળ ટપક અને ફુવારા સિંચાઈ પદ્ધતિ માટે અંદાજે રૂ. ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. PMKSY તેમજ મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ કરાયેલી પહેલો થકી પાણીના વપરાશમાં ૨૦ ટકા જેટલો ઘટાડો થયો અને કૃષિ ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

જળ ક્ષમતા ટેક્નોલોજી અને ખેડૂત તાલીમ કાર્યક્રમ માટે રૂ. ૦૧ હજાર કરોડનું રોકાણ પણ કરવામાં આવ્યું છે. સ્ટેટ-લેડ પ્રોગ્રામ હેઠળ રૂ. ૨૦૦ કરોડના ખર્ચે ૧,૨૦૦ જેટલા ગામોમાં પાણી વપરાશ સંગઠનો એટલે કે વોટર યૂઝર્સ એસોસિએશનની રચના પણ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં પાણી પુરવઠા વ્યવસ્થાપન માટે 'જળ જીવન મિશન' અંતર્ગત રાજ્યના ૯૦ ટકા ગ્રામીણ ઘરોમાં રૂ. ૩,૫૦૦ કરોડના ખર્ચે નળ જોડાણ આપવામાં આવ્યા છે. જ્યારે, વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૦૦ ટકા ઘરોમાં નળ જોડાણ આપવાનું લક્ષ્યાંક છે. અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત) જેવી યોજનાઓ અંતર્ગત રૂ. ૨,૦૦૦ કરોડના ખર્ચે ૧૦૦ ટકા શહેરી વિસ્તારોમાં પાણી ઉપલબ્ધ કરાવાનો લક્ષ્યાંક છે.

સાથોસાથ ભૂગર્ભ જળ વ્યવસ્થાપન માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ હેઠળ અંદાજે રૂ. ૧૫૦ કરોડના ખર્ચે ઓવર-એક્સ્પોઈટેડ ઝોનમાં ૨૦૦ ભૂગર્ભ જળ રિચાર્જ કૂવાઓનો વિકાસ પણ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ જળ શુદ્ધિકરણ પ્રોજેક્ટ્સ માટે રૂ. ૫૦ કરોડ ખર્ચે અંદાજે ૫૦૦થી વધુ ગામોમાં જળ ગુણવત્તામાં સુધારો થશે. ગુજરાતના જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમના માધ્યમથી 'માં નર્મદા'નું પાણી પીવા તથા સિંચાઈ માટે રાજ્યવ્યાપી ઉપલબ્ધ કરાવામાં આવી રહ્યું છે. આ પહેલ હેઠળ SSNNLની સહાયક કંપની ગુજરાત ગ્રીન રિવોલ્યૂશન કંપની GGRCએ આધુનિક સિંચાઈ પદ્ધતિઓ અપનાવી ખેડૂતો માટે પાણીની સુવિધાઓ પૂરી પાડી રહી છે. આમ, ગુજરાત સમગ્ર દેશમાં જળ સંપત્તિ ક્ષેત્રે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં અગ્રેસર છે. આ પ્રયાસોએ જળ સંરક્ષણ, પુરવઠા વ્યવસ્થાપન અને કૃષિ ઉત્પાદકતામાં નોંધપાત્ર સુધારો કર્યો છે, તેના પરિણામે ગુજરાત રાષ્ટ્રીય જળ પુરસ્કારમાં મોખરાનું પ્રદર્શન કરનાર રાજ્ય બન્યું છે તેમ, જળ સંપત્તિ વિભાગની યાદીમાં જણાવાયું છે.

### વન વિભાગે સિંહણની તપાસ હાથ ધરી

# અમરેલીમાં એક સિંહણે ૫ વર્ષના બાળકનો કર્યો શિકાર

### શિકાર કર્યાના થોડાક સમય બાદ નાના બાળકનો મૃતદેહ મળી આવ્યો

| (એજન્સી) અમરેલી, તા.૨૨ |

અમરેલી જિલ્લામાં સિંહ અને દીપડા ગામમાં આવી જવા જાણે સામાન્ય થઈ ગયું છે. અત્યાર સુધી સિંહે પશુઓનો શિકાર કર્યો હોય, તેવા સમાચાર અવાર-નવાર સામે આવતા હોય છે. જોકે ૨૧ ઓક્ટોબરે સાંજે સિંહણે એક પાંચ વર્ષના બાળકનો શિકાર કરતાં સમગ્ર જિલ્લામાં ચકચારી મચી ગઈ હતી. ઘટના અંગે વાત કરીએ તો જાફરાબાદના નવી જીકાદરી ગામે સિંહણે એક પાંચ વર્ષના બાળકનો શિકાર કર્યો હતો. કપાસના વણમાંથી સિંહણ પાંચ વર્ષના બાળકને ઢસડીને લઈ ગઈ હતી. જિકાદ્રી ગામે લોકો કપાસ વીણતાં હતાં, ત્યાં આસપાસ બે બાળકો રમતા હતાં. તે સમયે એકાએક ત્રણ-ચાર વાગ્યાની આસપાસ સિંહણ આવીને ત્યાંથી પાંચ વર્ષના એક બાળકને બે ખેતર દૂર ઢસડીને લઈ ગઈ અને તેનું મારણ કર્યું



હતું. ઘટનાની જાણ થતાં ગામના લોકોએ આવીને શોધખોળ કરી ત્યારે નાના બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. વનવિભાગને આ વાતની જાણ થતાં આર.એફ.ઓ સહિતના અધિકારીઓ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. ત્યારબાદ વનવિભાગ દ્વારા બાળકના મૃતદેહના અવશેષોને એકત્રિત કરી જાફરાબાદની હોસ્પિટલ મોકલાયા છે.

આ સિવાય વન વિભાગે સિંહણની તપાસ હાથ ધરી તાત્કાલિક ધોરણે તેને શોધી પાંજરામાં પૂરવાની સૂચના આપવામાં આવી છે. સરપંચ લાલભાઈ બોરીયાએ આ વિશે આક્રોશ દર્શાવી વનવિભાગ પાસે સુરક્ષાની માગ કરી હતી. સરપંચે કહ્યું કે, 'અહીં જાણે ગામો સિંહ અને દીપડાનું ઘર બની ગયું છે. જેટલાં જંગલમાં નથી તેટલાં અહીં છે. આવામાં અમારે કામ કરવું કે ન કરવુ? આવા બનાવો તો હવે જાણે રોજ જ બનવા લાગ્યા છે. ત્યારે અમારી એક જ માગ છે કે, અહીંથી સિંહ તમે પાછા લઈ જાવ. સ્થાનિકના જણાવ્યા અનુસાર, સિંહ અને જંગલી પશુઓના ગામમા આવી જવાને લઈને વન વિભાગને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી, તેમ છતાં વન વિભાગના પેટનું પાણીય નથી હલતું.

સમગ્ર ઘટનાને લઈ જાફરાબાદ રેન્જના આર.એફ.ઓ જી.એલ વાઘેલાનું નિવેદન સામે આવ્યું છે. વાઘેલાએ જણાવ્યું કે, સિંહણ બાળકને લઈ ગઈ એવી જાણ થતાં જ તુરંત અમારી ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

### ખાખી વર્દી પહેરેલા પોલીસકર્મીઓ દેવી માતાની ભક્તિમાં લીન

# પાવાગઢ મહાકાળી માના મંદિરે પોલીસકર્મીઓ ગરબે ઘુમ્યા

| (એજન્સી) પાવાગઢ, તા.૨૨ |

નવરાત્રીનો પવિત્ર તહેવાર આવતાની સાથે જ સમગ્ર દેશ માતા દુર્ગાની ભક્તિમાં લીન થઈ જાય છે. સર્વત્ર આદર, શ્રદ્ધા અને ભક્તિનું વાતાવરણ સર્જાય છે. પોલીસકર્મીઓ પણ આ વાતાવરણથી દૂર રહેતા નથી. તાજેતરમાં જ ગુજરાતમાં એક અલગ જ દ્રશ્ય જોવા મળ્યું હતું. જ્યાં ખાખી વર્દી પહેરેલા પોલીસકર્મીઓ દેવી માતાની ભક્તિમાં ગરબા રમતા જોવા મળ્યા હતા. પાવાગઢની શક્તિ પીઠની આ સુંદર તસવીરો અને વીડિયોએ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે. આ વીડિયો ખાસ કરીને ઈન્સ્ટાગ્રામ પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં પોલીસકર્મીઓ ગરબા કરતા જોવા મળે છે. સામાન્ય રીતે ખાખી વર્દીનું નામ સાંભળતા જ કડક શિસ્ત અને કાયદો અને વ્યવસ્થાનું ચિત્ર આપણા મગજમાં ઊભરી આવે છે, પરંતુ આ વખતે નવરાત્રિ દરમિયાન જે રીતે પોલીસકર્મીઓ માતાની પૂજામાં મગ્ન ગરબા રમતા જોવા મળ્યા. તેણે લોકોના દિલ જીત્યા લીધા. આ કોઈ ફેશન કે મજા નથી, પરંતુ દેવી દુર્ગાની પૂજા કરવાની એક અનોખી રીત છે.જે વર્ષોથી ગરબાના રૂપમાં ગુજરાતની પરંપરાનો એક ભાગ છે. અહીં ગરબા માત્ર એક નૃત્ય નથી, પરંતુ માતા પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ વ્યક્ત કરવાની એક રીત પણ છે. પોલીસકર્મીઓના આ ભક્તિભાવે સૌનું ધ્યાન ખેંચ્યું છે. યુનિફોર્મમાં ગરબા રમતા તેના ફોટા અને વીડિયો લોકોને યાદ કરાવે છે કે ભક્તિને કોઈ સીમા નથી હોતી. ભક્તિની લાગણી એવી છે કે તે કર્તવ્યના માર્ગમાં આવી શકતી નથી. પોલીસકર્મીઓ પણ સામાન્ય લોકોની જેમ તહેવારો માણી શકે છે. આ જ કારણ છે કે આ વીડિયો જોઈને લોકો ન માત્ર ગર્વ અનુભવી રહ્યા છે, પરંતુ તેઓ પોલીસકર્મીઓના આ નવા સ્વરૂપ સાથે પણ જોડાઈ રહ્યા છે.

### ૮ દિવસમાં ૧૨૦થી વધુ ફ્લાઈટને મળી ધમકી

# ઈન્ડિગો-વિસ્તારા, AIની ૩૦ ફ્લાઈટ્સમાં બોમ્બની ધમકી

### નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ સોમવારે કહ્યું હતું કે ધમકીઓ નકલી હોવા છતાં અમે તેને હળવાશથી લઈ શકીએ નહીં

| (એજન્સી) અમદાવાદ,તા.૨૨ |

વિવિધ પ્લાઈટોને બોમ્બની ધમકીઓ મળવાનો સીલસીલો અટકતો નથી. સોમવારે મોડી રાત્રે ફરી એકવાર ૩૦ વિમાનોને બોમ્બની ધમકી મળી છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમાં ઈન્ડિગો, વિસ્તારા અને એર ઈન્ડિયા ની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે.

છેલ્લા ૮ દિવસમાં ૧૨૦થી વધુ વિમાનોને બોમ્બ હુમલાની ધમકી મળી છે. ઈન્ડિગોના પ્રવક્તાએ મંગળવારે જણાવ્યું હતું કે સોમવારે તેમની ચાર ફ્લાઈટને સુરક્ષા ચેતવણીઓ મળી હતી. તેમાં મેંગલુરુથી મુંબઈ આવતી ૬ઈ૧૬૪ ફ્લાઈટ, અમદાવાદથી જેદ્દાહ જતી ૬ઈ૭૫ ફ્લાઈટ, હૈદરાબાદથી જેદ્દાહ જતી ૬ઈ૬૭ ફ્લાઈટ અને લખનૌથી પુણે આવતી ૬ઈ૧૧૮ ફ્લાઈટનો



સમાવેશ થાય છે. વિસ્તારા અને એર ઈન્ડિયાના પ્રવક્તાએ મંગળવારે પુષ્ટિ કરી હતી કે સોમવારે સોશિયલ મીડિયા પર કેટલીક ફ્લાઈટ્સને સુરક્ષા સંબંધિત ધમકીઓ મળી હતી. અમે સંબંધિત અધિકારીઓને જાણ કરી હતી અને તમામ પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું.નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ સોમવારે કહ્યું હતું કે ધમકીઓ નકલી હોવા છતાં અમે તેને હળવાશથી લઈ શકીએ નહીં. અમે તેની સામે કડક કાયદો લાવીશું. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ સોમવારે કહ્યું કે આવી ધમકી આપનારાઓનાં નામ 'નો ફ્લાય લિસ્ટ'માં સામેલ કરી શકાય છે. સરકાર ઉડ્ડયન સુરક્ષા નિયમો અને નાગરિક ઉડ્ડયન સુરક્ષા અધિનિયમ, ૧૯૮૨ વિરુદ્ધ ગેરકાયદેસર કાયદાઓનું દમન કરવાની યોજના બનાવી રહી છે. તેમણે કહ્યું કે, બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી આ મુદ્દે ગૃહ મંત્રાલયના સતત સંપર્કમાં છે. પ્લેનમાં બોમ્બ હોવાની માહિતી મળતાં જ ફ્લાઈટને તેના નિર્ધારિત એરપોર્ટને બદલે નજીકના એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવે છે. આનાથી માત્ર વધુ ઈંધણનો વપરાશ થતો નથી, એરક્રાફ્ટને ફરીથી તપાસવા, મુસાફરોને હોટલમાં બેસાડવા અને તેમને તેમના ગંતવ્ય સ્થાન પર લઈ જવાની વ્યવસ્થા પણ કરવી પડે છે. એક રિપોર્ટ અનુસાર આ બધા પાછળ લગભગ ૩ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

## કાંકરિયા પાસે કોર્પોરેશનનું હોર્ડિંગ પડતાં એક જ પરિવારના ત્રણ લોકો ઘાયલ

| (એજન્સી) અમદાવાદ, તા.૨૨ |

શહેરોમાં ઠેર – ઠેર જાહેરાત માટે હોર્ડિંગ લગાવવામાં આવતા હોય છે. જો કે કેટલીક વાર બેદરકારીના કારણે આ હોર્ડિંગ પડવાના કારણે દુર્ઘટનાઓ પણ બનતી હોય છે. ત્યારે અમદાવાદના કાંકરિયા પાસે એક મોટી દુર્ઘટના થતા અટકી છે. કાંકરિયા પાસે કોર્પોરેશનનું હોર્ડિંગ પડ્યું હોવાનું સામે આવ્યુ છે.

અમદાવાદમાં ભારે પવન ન હોવા છતા હોર્ડીંગ બોર્ડ તૂટી પડતા એક જ પરિવારના ૩ સભ્યો ઈજાગ્રસ્ત થયા છે. લોખંડનું ભારે અને વીશાળ હોર્ડિંગ પડતા બાળક સહિત અન્ય ૨ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને તાત્કાલિક ધોરણે LG હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.

જોકે શહેરમાં ઠેર – ઠેર છસ્ઝ઼ દ્વારા રસ્તાની વચ્ચોવચ્ચ પણ કેટલીક વખત સાઈન બોર્ડ ખડકી દેવામાં આવતા હોય છે. આ તરફ એજન્સીઓ અને AMCના અધિકારીઓની મિલીભગત હોવાના પણ આરોપ લગાવવામાં આવી રહ્યાં છે.

આ અગાઉ ભારે વરસાદના કારણે મુંબઈમાં હોર્ડિંગ પડવાની ઘટના બની હતી છતા પણ તંત્ર બેદરકાર હોવાથી લોકોમાં પણ રોષ જોવા મળ્યો છે.

## માઉન્ટ આબુમાં મિત્રએ મિત્રને સળગાવ્યો, ઝઘડો થતાં રાત્રે એક વાગે પેટ્રોલ છાંટીને મારવાનો કર્યો પ્રયાસ

| (એજન્સી) માઉન્ટ આબુ, તા.૨૨ |

રાજસ્થાનમાં એક હદયદ્રવક ઘટના સામે આવી છે. સિરોહી જિલ્લાના માઉન્ટ આબુમાં ગઈકાલે રાત્રે એક યુવકને તેના પર પેટ્રોલ છાંટીને જીવતો સળગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બાદમાં આ યુવાનને ગંભીર હાલતમાં હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને પ્રાથમિક સારવાર આપ્યા બાદ ગુજરાતના પાલનપુરમાં રિફર કરવામાં આવ્યો હતો. કહેવાઈ રહ્યું છે કે, બંને પહેલા ગાઢ મિત્રો હતા, પરંતુ કોઈ વાતને લઈને તેમની વચ્ચે અણબનાવ થયો હતો. જેના પર પીડિત યુવકના મિત્રએ તેના પર પેટ્રોલ છાંટ્યું હતું.

માઉન્ટ આબુ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે રવિવારે રાત્રે લગભગ ૧ વાગે મહેન્દ્ર કોળી શહેરના ચાચા મ્યૂઝિયમ ચોક પર એક દુકાનની બહાર ઉભો હતો.

માઉન્ટ આબુમાં રહેતો દીપક ઉર્ફે કાલુ વાલ્મિકી ત્યાં આવ્યો હતો અને મહેન્દ્રના મોઢા અને ગળા પર પેટ્રોલ છાંટી દીધુ તેને આગ પણ ચાંપી દીધી હતી. જેના કારણે તેના ચહેરો સળગવા લાગ્યો હતો. તે બેહોશ થઈને ઢળી પડ્યો હતો.

પોલીસને ઘટનાની માહિતી મળતા જ તેઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મહેન્દ્રના ચહેરા પર લાગેલી આગને ઓલવીને તેને હૉસ્પિટલ મોકલી આપ્યો હતો. અહીંથી પ્રાથમિક સારવાર બાદ તેને ગુજરાતના પાલનપુર રિફર કરવામાં આવ્યો હતો. ઘટના બાદ સ્થળ તપાસ કરવામાં આવી હતી.

### રાપર ખાતે પ્રતિદિન ખાતર ની સમસ્યા

# કચ્છના રાપરમાં ખેડૂતો આખો દિવસ કતારમાં ઊભા તો ય ખાતર ના મળ્યું

### વહેલી પરોઢથી પગરખા ગોઠવી જગ્યા નક્કી કરી પણ ખાલી હાથે પાછા ફર્યા

| (એજન્સી) રાપર, તા.૨૨ |

કચ્છના વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર ખાતે પ્રતિદિન ખાતર ની સમસ્યા ખેડૂતો માટે મુશ્કેલી સર્જી રહી છે. સહકારી મંડળીઓમાં ખાતરની આવકની ખબર મળતા જ ખેડૂતો વહેલી પરોઢથી કતારોમાં ગોઠવાઈ જાય, પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ ના થતા ખેડૂતોને ખાલી હાથે પાછા ફરવું પડે છે. આજે પણ આવી જ સ્થિતિ સર્જાઈ હતી.

મળતી માહિતી મુજબ, રાપરની એપીએમસી સ્થિત વાગડ સહકારી મંડળીમાં આજે ખાતર મેળવવા ખેડૂતો વહેલી પરોઢથી ઉમટી પડયા હતા. પોતાનો વારો નક્કી કરવા કતારમાં પગરખાં ગોઠવી દીધા હતા. જોકે સવાર બાદ ખાતર વિતરણ શરૂ થયું હતું પરંતુ માત્ર ૭૦૦ બોરીનું જ વિતરણ થતા બાકી રહેલા ખેડૂતોએ પોતાનો રોષ વ્યકત કરી હોબાળો મચાવ્યો હતો. જો કે આ વખતે હાજર પોલીસે વ્યવસ્થા જાળવી હતી. રાપરમાં ખેડૂતોને ખાતર અછતની બુમરાડ વચ્ચે જિલ્લા ખેતી નિયામક દ્વારા દરેક સ્થળે ખાતરનો પૂરતો જથ્થો ફાળવવામાં આવતો હોવાનું નિવેદન આપ્યું હતું. બીજી તરફ રાપર વિસ્તારમાં હજુ પણ ખાતરની અછત વર્તાઈ રહ્યાના હેવાલ સામે આવી રહ્યા છે. ખેડૂત વર્ગમાં ખાતરની સંગ્રહખોરી થતી હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું છે. આ મામલે યોગ્ય નિવારણ લાવવા અને ખેડૂતોને આગામી શિયાળુ પાક માટે કબતરની ઘટ પુરવા જિલ્લા સતરેથી યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે એવી માંગ ઊઠી છે. ઉલ્લેખનીય છે કે સહકારી મંડળીઓમાં ખાતર ના મળતા ખેડૂતોને ના છૂટકે ખાનગી એગ્રો સેન્ટરથી ઊંચી કિંમતનું ખાતર ખરીદ કરવાની ફરજ પડી રહી છે.

## વડોદરામાં ભાજપના કાર્યકર્તા ચંદુભાઈ સોલંકી આમરણાંત ઉપવાસ પર

| (એજન્સી) વડોદરા, તા.૨૨ |

વડોદરા શહેરમાં પૂર અને કોરોના સમયમાં સફાઈ સેવકોએ શહેરને સ્વચ્છ બનાવવા મહેનત કરી હતી એવા ૧૭૦ જેટલા સફાઈ સેવકોની ભરતી કરવામાં નહીં આવતા આજે ભાજપના કાર્યકર્તા ચંદુભાઈ સોલંકીએ આમરણાંત ઉપવાસ તેમના ટેકેદારો સાથે શરૂ કર્યા છે. વડોદરા કોર્પોરેશનમાં સફાઈ કામદારો તેમજ કોન્ટ્રાક્ટના કામદારો અંગે તાજેતરમાં સફાઈ કામદાર યુનિયન દ્વારા સતત ૧૫ દિવસ સુધી આંદોલન ચાલ્યું હતું. તે બાદ હવે ભાજપ ના જ કાર્યકર્તા ચંદુભાઈ સોલંકીએ આમરણાંત ઉપવાસની શરૂઆત કરી છે. તેઓએ બાબા સાહેબ આંબેડકરના બંધારણને સાથે રાખી માંગણી કરી છે કે પ્રધાનમંત્રી એક બાજુ દલિત સમાજના મહિલાના પગ ધોતા હોય તો બીજી બાજુ વડોદરાના ભાજપના જ આગેવાનો સફાઈ સેવકોને અન્યાય કરી રહ્યા છે. સફાઈ સેવકોએ પૂરની પરિસ્થિતિ દરમિયાન કામગીરી કરી છે તે સમયે એક કોન્ટ્રાક્ટરે અમદાવાદથી સફાઈ સેવકો આવ્યા છે તેવા દેખાડા કરી કર્મચારીઓને ગેરમાર્ગે દોર્યા હતા.

### આંદોલન કરશે ગુજરાત કોંગ્રેસના નેતાઓ

# લીલો દુકાળ જાહેર કરી ૧૦ હજાર કરોડનું પેકેજ આપે સરકાર : કોંગ્રેસ

| (એજન્સી) અમદાવાદ, તા.૨૨ |

ગુજરાતમાં હાલ છેલ્લા કેટલાક દિવસથી ઘણાં વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેના કારણે જગતના તાતને મોટુ નુકસાન વેઠવું પડી રહ્યું છે. ખેડૂતોના મોઢે આવેલો કોળીયો છીનવાઈ ગયો છે. રાજ્યના ખેડૂતોના પાક વિમાના પ્રશ્નનને લઈને હવે કોંગ્રેસના નેતાઓ પણ ખેડૂતોની પડખે આવ્યા છે. કોંગ્રેસના નેતાઓએ માંગ કરી છે કે, લીલો દુકાળ જાહેર કરીને ૧૦ હજાર કરોડ રૂપિયાનું પેકેજ ખેડૂતો માટે જાહેર કરવામાં આવે.

ખેડૂતોના પાકને થયેલા નુકસાન અંગે કોંગ્રેસ નેતા લલિત કગથરાએ જણાવ્યું હતું કે, 'વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન થયું છે અને હાલમાં ખેડૂતોની હાલત ખૂબ જ ખરાબ છે. સરકાર દ્વારા ખેડૂતોને સહાય આપવાની કોઈ જાહેરાત કરાઈ નથી. તેથી સરકારે લીલો દુકાળ જાહેર કરને ખેડૂતો માટે ૧૦ હજાર કરોડ રૂપિયાની સહાય જાહેર કરવી જોઈએ, જો ખેડૂતો માટે સહાયની જાહેરાત નહીં થાય તો કોંગ્રેસ રસ્તા પર ઉતરશે. ૨૮મી ઓકટોબરથી સમગ્ર રાજ્યમાં આંદોલનની શરૂઆત કરાશે.'

બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યુ હતું કે રાજ્ય-કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને માત્ર સહાયની વાતો કરવામાં આવે છે. ભાજપ સરકારમાં ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોના આપઘાતની ઘટનામાં ૧૧ ટકાનો વધારો થયો છે. સરકાર સરવેના નામે માત્ર નાટક કરી રહી છે. ઉદ્યોગપતિઓનું દેવું માફ કરવામાં આવે છે પરંતુ ખેડૂતોને કંઈ મળતું નથી.' ઉલ્લેખનીય છે કે, રાજ્યના વિવિધ ભાગોમાં પડેલા વરસાદના કારણે કપાસ, મગફળી, સોયાબીન, મરચા, ડુંગળી સહિતનાં તૈયાર પાકને વ્યાપક નુકસાન થયું છે.

## ભાડુઆતની નોંધણીના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા પોલીસે કવાયત હાથ ધરી

| અમદાવાદ, તા.૨૨ |

મકાન કોઈ અન્ય મિલકત ભાડે આપી હોવા છતા તેનો ભાડા કરાર ન કરાવનાર મકાન માલિક તથા ભાડુઆત પર ગુજરાત પોલીસ દ્વારા તવાઈ બોલાવવામાં આવી છે. ભાડુઆતની નોંધણીના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા પોલીસે કવાયત હાથ ધરી છે. નિયમનો ઉલ્લંઘન કરીને ભાડે મકાન આપનાર અને ભાડે મકાન લેનારા સામે પોલીસે ઝૂંબેશ શરૂ કરી છે. મકાન કોઈ અન્ય મિલકત ભાડે આપી હોવા છતા તેનો ભાડા કરાર ન કરાવનાર મકાન માલિક તથા ભાડૂઆત પર ગુજરાત પોલીસ દ્વારા તવાઈ બોલાવવામાં આવી છે. ભાડુઆતની નોંધણીના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા પોલીસે કવાયત હાથ ધરી છે. ગુજરાત પોલીસે રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આ અંગે ડ્રાઈવ હાથ ધરી છે. રાજ્યમાં પોલીસે છેલ્લા ૬ દિવસમાં કુલ ૩૦ હજારથી વધુ ઘરોમાં ચેકિંગ કર્યું છે. જેમાંથી નોંધણીના નિયમોનું પાલન નહી કરનારા કુલ ૨ હજાર ૫૧૫ ભાડુઆતો અને માલિકો વિરૂધ્ધ પોલીસ કેસ નોંધયા છે. અમદાવાદ શહેરમાં ૧૨૧, સુરતમાં ૧૯૨ કેસ કરાયા તો ગાંધીનગરમાં ૧૧૨ વડોદરામાં ૪૯૦ અને પંચમહાલમાં ૧૦૧ કેસ કરાયા છે.

# આરટીઓ કચેરીની મુલાકાત લેનાર તમામ કર્મચારી/અધિકારી, અરજદારો અને શહેરીજનાએ પોતાના દ્વિચકી વાહન સાથે હેલ્મેટ પહેરવું જરૂરી

| અમદાવાદ, તા.૨૨ |

અમદાવાદ શહેર અને રાજ્યમાં વધતા જતાં માર્ગ અકસ્માતો અને તેનાથી થતી ગંભીર ઈજા તથા મૃત્યુના બનાવોને ધ્યાનમાં લેતાં માર્ગ સલામતી લોકજાગૃતિ તથા ટ્રાફિક નિયમોનું પાલન અત્યંત જરૂરી છે. દ્વિચકી વાહન ચાલકો માટે હેલ્મેટનો ઉપયોગ એ કાયદાનું પાલન ઉપરાંત વ્યક્તિની સુરક્ષા નિશ્ચિત કરે છે. જેના પરિણામે માર્ગ અકસ્માતો વખતે માથામાં થતી ગંભીર ઈજાઓ અને મૃત્યુની શકયતામાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય છે. આ બાબતને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૧૯/૧૦/૨૦૨૪ના પરિપત્ર નં. GAD/MSM/e-file/1/2024/5873/Tથી આપવામાં આવેલ સૂચનાથી અમલવારીના ભાગરૂપે અમદાવાદ સુભાષબ્રીજ ખાતેની આરટીઓ કચેરીના તમામ કર્મચારી/અધિકારી તેમજ મુલાકાત લેનાર અરજદારો અને શહેરીજનાએ પોતાના દ્વિચકી વાહન સાથે હેલ્મેટ પહેરવું જરૂરી કરવામાં આવ્યું છે. એટલું જ નહીં, ટ્રાફિકના નિયમો /કાયદાના ઉલ્લંઘન બદલ વાહન માલિક સામે કાનૂની કાર્યવાહી અથવા દંડની કાર્યવાહી પણ હાથ ધરાશે. આ કચેરીના તમામ સ્તરના અધિકારી/કર્મચારીઓ તથા શહેરની જાહેર જનતાને નોંધ લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રેલ સંરક્ષા માં શ્રેષ્ઠ કામગીરી બદલ ૧૩ રેલ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું



| અમદાવાદ, તા.૨૨ |

પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ ના મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ મંડળના ૧૩ રેલવે કર્મચારીઓનું સુરક્ષિત ટ્રેન પરિચાલન માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન કર્યું હતું. આ રેલવે કર્મચારીઓને ફરજ દરમિયાન તેમની સતર્કતા અને તકેદારીના કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં યોગદાન બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વરિષ્ઠ મંડળ સુરક્ષા અધિકારી શ્રી ઉમેશ પ્રસાદે માહિતી આપતાં જણાવ્યું હતું કે અમદાવાદ મંડળ માં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ મંડળ રેલ પ્રબંધક દ્વારા ૧૩ રેલવે કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી નિર્ભય કુમાર શર્મા-સ્ટેશન માસ્ટર-ગોરાઘુમા, શ્રી અરવિંદ કુમાર સાહુ-કાંટેવાલા ભદ્રેશ્વર રોડ, શ્રી દિલખુશ મીણા કાંટેવાલા-ધારેવાડા, શ્રી સૌરામ મીણા સ્ટેશન માસ્ટર-ધનકવાડા, શ્રી અખિલેશ કુમાર કાંટેવાલા-ધનાલા, શ્રી નિતેશ કુમાર સ્ટેશન માસ્ટર-સાબરમતી, શ્રી ભગવાનદાસ રાઠોડ-સિની. સેક્શન એન્જિનિયર (રેલવે ટ્રેક)- લાકડિયા, શ્રી અશોક પરિહાર જુનિયર એન્જિનિયર-શિવલખા, શ્રી ધર્મેન્દ્ર મીણા-ચાબીવાલા, શ્રી મેહુલ કુમાર વેલ્ડર-લાકડિયા, શ્રી સોમબીર વેલ્ડર-કીડિયા નગર, શ્રી દેવારામ-વરિષ્ઠ પોઈન્ટ્સમેન-સામાખ્યાલી અને શ્રી રાજેન્દ્ર કુચારા આસિસ્ટન્ટ લોકો પાયલટ-અમદાવાદ જેઓ અણધારી ઘટનાઓ જેવી કે વેગનની બ્રેક જામ થયેલી માલુમ થતાં,વેગનમાંથી ધુમાડો અને આગ નીકળતા, જ્યારે વેગનનો બ્રેક બીમ પડી ગયેલો જોવા મળેલ હતો તે સમયે તાત્કાલિક યોગ્ય પગલાં લેવાથી અણધારી ઘટના અને સંભવિત નુકસાનને બચાવ્યું હતું.

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ આ સતર્ક રેલવે સુરક્ષા રક્ષકોને પ્રોત્સાહિત કર્યા. અને જણાવ્યું હતું કે મુસાફરોની સલામતી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારીઓ તેમની ફરજ દરમિયાન સતર્કતા અને તકેદારી સાથે કામ કરે છે ત્યારે તે અમને સુરક્ષિત ટ્રેનના કામમાં મદદ મળે છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

# શ્રીલંકાના રોટરી ક્લબ ઓફ કોલંબો અને અમદાવાદના રોટરી ક્લબ્સ વચ્ચે સમાજલક્ષી મિટિંગ આયોજિત



| અમદાવાદ, તા.૨૨ |

તાજેતરમાં શ્રીલંકા ટુરીઝમ દ્વારા અમદાવાદ (ગુજરાત)થી એક મીડિયા અને રોટેરીયન મેમ્બર્સના ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું હતું. એના સંદર્ભમાં ૧૭મી ઓક્ટોબરના રોજ કોલંબોના સિનામોન લેક હોટેલ ખાતે અમદાવાદના રોટેરિયન્સ શ્રી દક્ષેશ રાવલ અને શ્રી સૂબોજિત સેને એ કોલંબોના ૯૬ વર્ષ જૂનું રોટરી ક્લબ ઓફ કોલંબો ના અધિકારીઓ સાથે ખાસ મુલાકાત કરી હતી . રોટરી ક્લબ ઓફ કોલંબોના પાસ્ટ ડીસ્ટ્રીકટ ગવર્નર સુશ્રી પુભુડુ ઝોયસા અને પાસ્ટ ડીસ્ટ્રીકટ ગવર્નર શ્રી સેનાકા અમરસિંગાના સાથે સાથે શ્રી ક્રિષ્નથા ફર્નાન્ડો પણ હાજર હતા. બંને દેશોના રોટેરિયન ક્લબ્સ એ એક ફ્લેગ એક્સચેન્જ અને મોમેન્ટો એક્સચેન્જ પ્રોગ્રામ કરી હતી અને સાથે મળીને બંને દેશોમાં સમાજને મદદરૂપ થાય એવા પ્રોજેક્ટ્સ સાથે કરવાનું એક પ્રતિબદ્ધતા અને પ્રણ લીધા હતા.